# અધ્યાત્મ

વર્ષ : ૧૪ અંક : ૧ ઓક્ટોબર : ૧૯૯૨

## * દીપોત્સવી અને કેનેડાનો વિશેષાંક *

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું,
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું.



**મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી**
નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

# * માતાને અંજલિ *

નોંધઃ—ત્યાગી બન્યા પછી પણ પોતાના પૂ. માતાજીને સાથે રાખી, તેઓના અંતિમ શ્વાસ સુધી સેવા કરી, તેઓને પૃથ્વી પરથી વિદાય આપનાર ત્યાગી પુત્રો બહુ વિરલ જોવા મળે છે. પૂ. માતાજીની વિદાય પછી તેઓના વિરલ ત્યાગને પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કેવી સરસ ભાવમય અંજલિ આપી છે, તેનું દર્શન નીચેનું કાવ્ય વાંચતાં થાય છે. વંદન હો એ માતાને.

—તંત્રી

## * તમારો ત્યાગ *

તમે છોડી સર્વે વિષય જગના જંગલ રહ્યાં;
યુવાનીમાં છોડી ગૃહ—સ્વજન—સંપત્તિ સુખદા.
તજી પર્યંકોને પ્રતિદિન પૃથ્વી પર સૂતાં;
સહ્યાં કષ્ટો સ્નેહે હિમગિરિ તણાં તીર્થસ્થળમાં.
ઘણા સર્પો રીંછો પશુ વિવિધ ને વ્યાઘ્ર વચમાં;
વિપત્તિને વેઠી, મન વશ કરી ઈન્દ્રિય તણા.
તમે નાથ્યા અશ્વો, અનવરત ડૂબ્યાં રસમહીં,
મને દીસે બીજું પુનિત ખલુ દૃષ્ટાંત જ નહીં.

તજે આત્મા માટે મનુજ સુખ—સંપત્તિ—પદને,
અરણ્યે એકાંતે તપરત બને ઈશચરણે.
સમર્પે સામગ્રી સકળ જગની ધ્યાન ધરવા,
તમે કિન્તુ છોડયું સકળ મુજ માટે વનમહીં.
રહેવાને સાથે પરમ—સુખના શ્વાસ ધરતાં,
તમારો તો દૈવી અતુલ અદકો ત્યાગ જગમાં.

**યોગેશ્વરજી**

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ ( વિમાનથી )

( આ વિશેષ અંકના રૂા. ૧૨–૦૦ )

* **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.)
* **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
* **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
* **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી., સરદાર નગર, ભાવનગર–૧.
* **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની, ફોન : ૨૫૮૧૧
* **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

* અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
* લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

* ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલકમાં હશે તો જરૂર મોકલી આપશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| ચાલો, આપણે વંદીએ | એક ઋણી સાધક | ૮ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન કેમ ઉજવશો? | તંત્રી | ૯ |
| ખાસ નોંધ | તંત્રી | ૧૦ |
| "તું જા, હું આવું છું." | મા શ્રી સર્વેશ્વરી | ૧૧ |
| પૂ. યોગેશ્વરજીનું નાટક—એક સમીક્ષા | સુશીલાબેન | ૧૩ |
| The Dawn of Something New | Reena Parikh | ૧૫ |
| પૂ. યોગેશ્વરજી—ત્રિઅંકી નાટક | શ્રી સુરેશભાઇ શાહ | ૧૭ |
| પાત્રસૂચિ અને પાત્ર પરિચય | — | ૨૫ |
| દશાબ્દી મહોત્સવ—સંદેશાવાંચન | શ્રી સુરેશભાઇ શાહ | ૨૭ |
| એક દીપ જલે | પ્રાગજી ડોસા | ૩૨ |
| MESSAGES | — | ૩૩ |
| ૧૫ મી ઓગસ્ટ—પૂ. શ્રીનો જન્મોત્સવ તથા યોગેશ્વર ધ્યાનકેન્દ્ર—ટોરોન્ટોનો દશાબ્દી મહોત્સવ | શ્રી સુરેશભાઇ શાહ | ૩૬ |
| Fete Honors Late Spiritual Leader | — | ૪૭ |
| ' અકળ મન ' | બળવંત ઓઝા (સફર) | ૪૮ |

## * અભિનંદન અને આભાર *

'અધ્યાત્મ માસિક'ના ઓક્ટોબર, ૧૯૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરન્ટોના સાધક ભાઈ બહેનો તરફથી આપવામાં આવી રહ્યો છે. એટલે જોઈએ તો નવેમ્બર, ૯૧ થી માંડીને ઓક્ટોબર ૯૨ સુધીના બાર માસનો ખર્ચ, તે ધ્યાનકેન્દ્રના દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે આપવાનો તેઓનો સંકલ્પ ખરેખર અભિનંદનીય લેખાય. આ માટે તેઓનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. શ્રી યોગેશ્વર પ્રભુ અને પૂ. મા સર્વેશ્વરી તેઓનું સર્વપ્રકારે મંગલ કરે એવી પ્રાર્થના અમે અધ્યાત્મના તંત્રી તરીકે અંતરના ઉંડાણથી કરીએ છીએ.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ ઓક્ટોબર–૧૯૯૨ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૧–૧૨–૮૦, કારતક સુદ પૂનમ, ૨૦૩૭, રવિવાર, સ્થળ : અમદાવાદ.**

પૂ. શ્રીની ઇચ્છા અહીં તા. ૩૦ સુધી રહેવાની હતી પણ પરમશક્તિનો આદેશ હતો કે કાલે જ વડોદરા જવું યોગ્ય છે; જેથી એનો નિર્ણય સવારે મળી ગયો. પૂ. શ્રીના દર્શને બાબુભાઇ વોરા આવે છે. તેઓ યાત્રાએ જાય છે. એથી તેઓ પુત્ર–પૌત્રો–પુત્રી સાથે આવે છે. પૂ. શ્રી યાત્રાને સફળતા ઇચ્છે છે. ગુલાબનાં ફૂલો પૂ. શ્રી પ્રસાદમાં આપે છે. શ્રી નારાયણભાઇ પણ ભાવનગરથી આજે એમનાં પત્ની સરસ્વતીબેન અને એમના ઘરનાં કામવાળાં બેન ચંપાબેન સાથે આવી પહોંચે છે. ભોજન બાદ તેમની સાથે ૩–૦૦ વાગ્યા સુધી પૂ. શ્રી વાતો કરે છે. ૩ થી ૪ સર્વેશ્વરી નીચે જાય છે. ચાર વાગ્યે ઉપર આવ્યા બાદ આજે પૂ. શ્રીએ ભોજનમાં ખાસ કંઇ લીધું ન હતું. તેથી ત્રણ સંતરાં ફોલીને બંને સાથે લઇએ છીએ. પાંચ વાગ્યે પૂ. શ્રી માળા લઇને બહાર લોબીમાં તૈયાર થઇ આંટા મારે છે.

બરાબર સાડા પાંચે દ્વાર ઉઘડે છે. આજે શ્રી ઈશ્વર પેટલીકર મળવા આવ્યા છે. તેઓ પોતાની મૂંઝવણ રજૂ કરે છે.

**પ્રશ્ન :** મેં ધ્યાનકેન્દ્રમાં જવાનું શરુ કર્યું, તે પહેલાં સામાન્ય રીતે હું જમવા બેસુ તો પણ મારાથી બેસી શકાતું નહિ, પણ ધ્યાનમાં કલાક ક્યાં પૂરો થઇ ગયો તે ખબર પડી નહીં. ત્યારપછી બે દિવસથી ધ્યાનમાં બેસવા પ્રયત્ન કરું છું. પણ ગઇકાલે એક વ્યક્તિનું જીવન વાંચ્યું તો તેના વિષે જ વિચારો આવવા શરૂ થયા. તે વિચારોએ મને છોડયો જ નહીં અને એક વાગ્યો ત્યારે તે વિચારો શાંત થયા. તો આ વિચારોને શાંત કરવા શું કરવું? વિચારો સારા કે ખરાબ–પણ ધ્યાનમાં બેસવા માટે તે બાધક બન્યા હતા.

**પૂ. શ્રી :** વિચારો રોકીએ તો રોકાય, પણ

મનને પૂર્વાભ્યાસ હોય તો. એટલે બે રીત છે– રોકવાની કોશિશ કરો અથવા એની મેળે નિર્વિચાર અવસ્થા આવી જવા દો. એટલે મારું મંતવ્ય છે કે સારા વિચારો જો બાધક ન હોય તો ભલે ચાલતા. ખરાબ વિચારો હોય તો તે બાધક, અયોગ્ય લાગે. પણ તેની સામે પડીએ તો તે વિચારો જોરદાર બને. એટલે આત્મવિચાર કરવો. હું શરીર નથી, મન નથી, શિવોઽહમ્, સચ્ચિદાનંદ છું. આ વિચારોથી ભળતા વિચારો કામચલાઉ અટકે. ભળતા જ વિચારો મનના ભૂગર્ભમાં તો રહે જ. સારા વિચારો ભલે આવે વિચારોમાં મન એવું તલ્લીન થઇ જાય તો દેહભાન પણ ચાલ્યું જાય. શુભ વિચારો બાધક નથી. ૐકારનું ચિંતન, રટણ, આત્મવિચાર કરી શકાય.

**પ્રશ્ન** : શિવોઽહમ્‌થી અહંકાર આવી જાય. આપણે એવા નથી, ખાલી વાંચ્યું છે. તો પછી ચિદાનંદની ભાવના શરૂ કરી.

**પૂ. શ્રી** : શિવોઽહમ્‌ને બે પાસાં છે. એને કઇ રીતે સાધક અપનાવે છે તેના ઉપર આધાર છે. શિવસ્વરૂપ નથી તો ત્યાં પહોંચવાનું છે. અને શિવોઽહમ્‌થી સાધકમાં થોડી ટટ્ટારી ને પ્રસન્નતા રહે છે. શિવોઽહમ્‌થી તદ્દન વિરોધી 'દાસોહમ્' એક ભાવ છે. પણ તેમાં પોતાની જાતને છેક પામર માનવા માંડે, તો પછી તે ક્ષુદ્ર વિચારવાળા જ બને છે, શિવોઽહમ્‌થી અહંકાર થઇ શકે છે.

**પ્રશ્ન** : યોગી અને સંતો ચમત્કારો કરે તે સાચા કે ખોટા?

**પૂ. શ્રી** : જે પરમશક્તિ જન્મ પહેલાં દૂધ પેદા કરે, આખીયે સૃષ્ટિનું સર્જન કરે તે શું ન કરી શકે? જે પરમશક્તિ છે તે જ સંતો ને યોગીઓમાં કામ કરતી હોય છે. કેટલાક તેને બતાવે છે, કેટલાક તેને નથી બતાવતા.

**પ્રશ્ન** : સ્વર્ગ અને નર્કનું અસ્તિત્વ છે ખરું?

**પૂ. શ્રી** : સ્વર્ગ ને નર્ક પૃથ્વી પર જ છે. સારા વિચારો, સારા કર્મો, સંપ, પ્રેમ, મનમેળ ત્યાં સ્વર્ગ. તો ખરાબ વિચારો, ખરાબ કર્મો, કુસંપ, વેર, ઝઘડા, કંકાસ, ક્લેશ ત્યાં નર્ક. પૃથ્વી ઉપર જ–માનવના મનમાં જ છે.

પણ સાધના દરમ્યાન વિવિધ સંતો અમને દર્શન આપતા. તો તે સંતો જુદા જુદા લોકમાંથી આવતા. તેમનાં શરીર જમીનથી અદ્ધર ને દિવ્ય હોય છે તો તે સૌ સૂક્ષ્મયોનિના જીવ કશેક રહેતા તો હશે જ ને! એટલે એ બધા લોકો પણ છે.

**પ્રશ્ન** : હિપ્નોટીઝમને ધ્યાનમાં શું તફાવત?

**પૂ. શ્રી** : હિપ્નોટીઝમમાં મનોબળ જરૂરી, પણ મનની શુદ્ધિ, ચારિત્ર્યની શુદ્ધિની જરૂર પડતી નથી. ધ્યાનમાં મનની શુદ્ધિ, ચારિત્ર્યની શુદ્ધિ ખૂબ જરૂરી છે. ધ્યાનથી પરમશક્તિ સાથે સંપર્ક થાય છે, જે હિપ્નોટીઝમથી નથી થતો.

પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયા. આજે શ્રી અશ્વિનભાઇ પટેલને ત્યાં દશ મિનિટ માટે જવાનું થયું. ત્યાંથી આવ્યા બાદ દૂધ વિગેરે લઇ વિશ્રામ કર્યો. હરિઃ ૐ

**તા. ૨૨–૧૨–૮૦, માગશર વદ એકમ, ૨૦૩૭, સોમવાર, સ્થળ : અમદાવાદથી વડોદરા.**

સવારના સત્સંગમાં પૂ. શ્રીના સ્થાન માટે મહેસાણામાં જમીનની વળી અહીં આશ્રમ રોડ ઉપરની જમીનની વાતો થઇ. પુસ્તકોની વાતો પણ થઇ. સમય થતાં ભોજન લીધું. ભોજનબાદ આરામ, ૩ વાગ્યે વડોદરાથી શ્રી જીતુભાઇ લેવા આવ્યા હતા તેમની ગાડીમાં જ સૌની વિદાય લઇ વડોદરા જવાનું બન્યું. પૂ. શ્રીની ઇચ્છા થોડા દિવસ અમદાવાદ જ વધારે રોકાવાની હતી. પણ જેનું જીવન પરમશક્તિની ઇચ્છા મુજબ ચાલે છે તે પરમશક્તિએ "અમદાવાદમાં આટલું બસ," એમ કહ્યું જેથી પૂ. શ્રીએ એ વાત શિરોમાન્ય કરી.

આ વખતે 'પ્રયાગ'ના આ ઉતારા પર ૨૧ દિવસ રહેવાનું બન્યું. તે સૌ નિકટ આવ્યાં. સત્સંગનો આનંદ હવે નહીં મળે, એવા વિચારોથી આ ઘરની નાનકડી દીકરી વંદનાની આંખમાં ગઈકાલથી આંસુ હતાં. આજે વિદાયવેળાએ પણ સૌનો આગ્રહ હતો કે જ્યારે પણ અમદાવાદ આવો ત્યારે અહીં જ ઉતરવાનું રાખવાનું. વિદાય-વેળા નીચે ઉતરતાં ઉતરતાં પૂ. શ્રીએ નંદુભાઈ સાથે વાતો કરી, જેમાં સાંસારિક ચિંતાઓ નહીં કરવાની સૂચના આપી.

વડોદરા સાત વાગ્યે આવી ગયા. અહીં પણ ચાર-પાંચ ભાવિકો આવીને ઊભા હતા. પૂ. શ્રી ૧૫-૨૦ મિનિટ બેઠા પછી ઉપર આવી ગયા.

આજે ખીચડી, શાક, દૂધ વગેરે લીધું પછી આરામ. મારે કપૂરા જવું કે નહીં તે અંગે પૂછતાં, "કાલે નહીં, પરમદિવસે જવાનું. બાની તબિયત સરસ છે." તેવી સૂચના મળી. હરિઃ ૐ

**તા. ૨૩-૧૨-૮૦, માગશર વદ બીજ, ૨૦૩૭, મંગળવાર, સ્થળ : વડોદરા**

**તા. ૨૫-૧-૮૧, પોષ વદ પાંચમ, ૨૦૩૭, રવિવાર, સ્થળ : વડોદરા**

તા. ૨૩-૧૨-૮૦ થી તા. ૧૩-૧-૮૧ સુધી મારે (સર્વેશ્વરી) કપૂરા રોકાવાનું બન્યું. તેથી નોંધ ન થઈ. વળી તા. ૧૩ મીએ રાત્રે વડોદરા આવવાનું બન્યું. તા. ૧૪, ૧૫ પ્રવચનમાં પણ હાજરી આપવાનું બન્યું. દરરોજ સવારે ૧૧॥ થી ૧૨ નો મળવાનો સમય છે. પણ અહીંના સાધકો-માંથી ખાસ કોઈ આવતા નથી. બહારગામના માટે જ છે. જેથી ખાસ પ્રશ્નોત્તરી પણ નોંધપાત્ર થતી નથી. જેથી ૧૪, ૧૫, ૧૬ તારીખની નોંધ ન કરવા વિચાર્યું.

તા. ૨૩/૧૨ થી ૧૩/૧ સુધીમાં અહીં જીતુભાઈની ધંધાકીય ચિંતા દૂર થઈ ગઈ. એમાં જાણે પૂ. શ્રીની કૃપા જ કામ કરી રહી છે. એવું સૌ કોઈએ અનુભવ્યું.

શિરડી, અંબાજી ડાકોર જવાનો કાર્યક્રમ ઘડાયો પણ બંધ રાખ્યો. ઈશ્વરની ઇચ્છા મુજબ આ સંતવિભૂતિ પોતાનું નાનામાં નાનું કાર્ય કરે છે.

તા. ૧૬-૧-૮૧, અમેરિકાથી ભગવાનજી-ભાઈ, કંચનબેન વગેરે મળવા આવે છે.

તા. ૨૩-૧૨-૮૦ થી ૨૫-૧-૮૧ સુધીનો મોટોભાગ કપૂરાનો નિવાસ રહ્યો. કારણ જન્મ આપનારા માતાની સેવાનો અમુલખ લાભ મળ્યો. વળી કપૂરાથી અહીં આવ્યા બાદ શરીર અસ્વસ્થ રહ્યું. જેથી નોંધ ન થઈ શકી. તેથી તા. ૨૬-૧-૮૧ થી આ પવિત્ર નોંધપોથીનું કાર્ય ફરી શરૂ થાય છે. હરિઃ ૐ

**તા. ૨૬-૧-૮૧, પોષ વદ છઠ, ૨૦૩૭, સોમવાર, સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**

અહીં પણ પૂ. શ્રીનો નિયમ યથાવત્ પળાય છે. સવારે ૯ વાગ્યે દૂધ આવી જાય છે. દૂધ લીધા પછી પૂ. શ્રી પોણા અગિયાર સુધી લેખનકાર્ય કરે છે. હવે લેખનકાર્ય પછી પૂ. શ્રીને આરામની જરૂર નથી પડતી. એ રીતે કહી શકાય કે પૂ. શ્રી થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. હાલ પૂ. શ્રી માતાજી ઉપર ગીતો ને સ્વતંત્ર ગીતોનું, તેમ જ ઉત્તરની અસ્થિ વિસર્જનની યાત્રાના પ્રસંગોનું લેખન કરે છે.

સાડા અગિયાર થતાં આજે ઘણા મુલા-કાતીઓ આવે છે. પૂ. શ્રી પોતાની સાહિત્યકૃતિઓ જે છપાવવાની છે તેની વાતો કરે છે. એક ભાઈને મંત્રમાં વ્યવસ્થિત સમજ આપી ગીતો લખાય છે એ અંગે પૂ. શ્રીએ કહ્યું, "સરસ ગીતો લખાય છે. હું સરસ કોને કહું છું તે પણ જાણવા જેવું છે. જે

લખતાં ને લખ્યા પછી થાય કે હાશ કંઈક લખ્યું, તો તે સારું ગણાય."

પૂ. શ્રી મુલાકાતીઓને મળવાનું હવે ટાળે છે માતાજીની ચિરવિદાય પછી પૂ. શ્રીને આમ જનતાની સાથે વાતો કરવાનું ગમતું નથી. પ્રવચનો ગમે છે પણ આવા પ્રશ્નોત્તરીના કાર્યક્રમો ખાસ ગમતા નથી. છતાં આજે ઘણા મુલાકાતીઓ જાહેર રજા હોવાથી આવ્યા હતા. સાડા બાર થતાં સૌ વિદાય થાય છે.

ભોજનમાં આજે પૂ. શ્રીએ ભાત, કઢી, શાક વગેરે લીધું. વળી મુંબઈથી આવેલા જે. વી. શાહને પૂ. શ્રીએ ફરી મુલાકાત આપી જરૂરી વાતો કરી. લગભગ બપોરે પોણાત્રણે આરામ કર્યો. પાંચ વાગ્યે કાવ્યલેખન પૂ. શ્રી શરૂ કરે છે. લગભગ છ સુધી એ ક્રમ ચાલે છે. છ પછી પ્રવચનમાં નજર-બાગ માંડવીના સ્થળે જવા નીકળે છે.

આજે પ્રવચનમાં ગીતાના છઠ્ઠા અધ્યાયના છેલ્લા શ્લોકોની વ્યાખ્યા પૂ. શ્રી કરે છે. પ્રવચન બાદ સર્વેશ્વરીને એક બેન નાનકડી થેલી અર્પણ કરે છે. માર્ગમાં પૂ. શ્રીએ તે ભેટને પ્રેમભાવથી આપી હોઈ સ્વીકારવાની સૂચના આપી રહ્યા છે.

આવ્યા બાદ ખીચડી ને દૂધનું ભોજન લીધું. બાદ આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથ ભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
" સત્યવાન " તથા " ચંદન "
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

* કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ *

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ००૨

# ચાલો, આપણે વંદીએ

"જે વિધવા માતાએ પોતાના જીવનના આધારસમા એકના એક પનોતા પુત્રને પ્રભુપંથે જવાની અનુમતિ આપીને માનવસમાજ ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો તેનો અંદાજ તો કોણ કાઢી શકે? અને આ પ્રભુપંથે પડીને, એકલે હાથે મથીને, સાધનાના સાગરનું મંથન કરી, ઈશ્વરદર્શનનું અમૃત પ્રાપ્ત કર્યું, કશી પણ અપેક્ષા વગર સમગ્ર વિશ્વના માનવોમાં નાત, જાત ધર્મ અને રાષ્ટ્રોના સીમાડાઓથી ઉપર ઊઠીને વહેંચ્યું. આ કેવું મોટું ભગીરથ કામ તેઓએ કર્યું! તે તો ભવિષ્યનો ઈતિહાસ જ બતાવશે." પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના જીવનની આ ઘટના છે અને તેઓના એ પનોતા પુત્ર છે મહાત્મા યોગેશ્વરજી.

"યુવાનીના ઉંબરે પગ મૂકવાની વયે, એ મહાપુરુષે હિમાલયના ઋષિમુનિ-સેવિત પ. પૂ. પુનિત શિખરોનો આંતરિક સાદ સૂણી વિલુપ્ત થતાં જતાં ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિને જીવંત રાખવા કમ્મર કસી. તેઓએ પોતાની જનેતાનું અને પોતાનું આત્મિક કલ્યાણ તો સાધ્યું. સાથે સાથે અનેક આત્મિક વિકાસ કે ઈશ્વરદર્શનની ભૂખવાળા સાંપ્રત ને ભાવિસમાજના માનવો માટે—સાધનાની કેડી કંડાળી પથપ્રદર્શન કર્યું. તેઓએ આજના વૈજ્ઞાનિક યુગમાં પોતાના જીવનમાં એ અનુભૂતિ પણ સિદ્ધ કરી કે જે નિરાકાર છે, એજ સાકાર સ્વરૂપે પણ પ્રકટ થાય છે. પ્રભુની પરમ શક્તિ વ્યક્તિસ્વરૂપે પણ અવતરિત થાય—જો સાધકની એવી ઇચ્છા હોય તો; અને પ. પૂ. શ્રી યોગેશ્વરજીની એવી સાત્ત્વિક ઇચ્છાના ફલ સ્વરૂપ એ મહાશક્તિનું વ્યક્તિ સ્વરૂપે અવતરિત થવું એ જ આ મા શ્રી સર્વેશ્વરી.

આમ આ આધ્યાત્મિક ત્રિવેણીના પ્રાદુર્ભાવ સમા મા શ્રી જ્યોતિર્મયીના ત્યાગને, ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની સાધનાત્મક ભાગિરથીને અને તપ, ગુરુનિષ્ઠા, આત્મસમર્પણ અને નિઃસ્વાર્થ પ્રેમના નવાં પરિમાણો આજની દુનિયામાં પ્રસ્થાપિત કરનાર મા શ્રી સર્વેશ્વરીને...

આવો, તેઓ ત્રણેને આજે પૂ. માતાજીના નિર્વાણદિન (૪ થી ઓક્ટોબરે) અંતરથી વંદીએ.

એક ઋણી સાધક

# પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન કેમ ઉજવશો?

ધારણા હતી કે આ ૧૩ મી નવેમ્બરે, પૂ. મા શ્રી સર્વેશ્વરી વિદેશથી ભારતમાં પાછાં ફરશે. પરંતુ હવે તે શક્ય લાગતું નથી. પૂ. મા એક માસ માટે કેલિફોર્નિયાના પૂ. માના ભક્ત શ્રી ભગવાનજીભાઈને ત્યાં રોકાવાના છે અને તેઓ પોતાનો ઘણો ખરો સમય મૌન રાખી એકાંતમાં નિર્ગમન કરશે, એવું જાણવા મળ્યું છે.

આથી ભારતના ભક્તો પૂ. માનો જન્મદિન સામૂહિક કાર્યક્રમ દ્વારા કદાચ ન ઉજવી શકે તો આટલું તો વ્યક્તિગત રીતે કરી શકેઃ–

૧. ૧૩ નવેમ્બરે મૌન રાખી, શક્ય એટલો વધુ સમય પ્રાર્થના, જપ કે ધ્યાનમાં ગાળે.

૨. વિષ્ણુસહસ્ર, શિવમહિમ્ન કે સરલગીતાનો પાઠ કરે.

૩. પોતાની શક્તિ પ્રમાણે ગરીબોને અન્ન, વસ્ત્ર કે પૈસાનું દાન કરે–કે.

૪. મંત્ર–જપ લેખનનું કાર્ય કરે.

૫. પૂ. શ્રીનું ટેપ કે વિડિયો પ્રવચન યોજી, તે ઉપર વિચાર ગોષ્ઠિ યોજે.

૬. શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રો પોતાની રીતે કાર્યક્રમ રાખી ધાર્મિક પ્રવાસનું આયોજન પણ કરી શકે.

તંત્રી
અધ્યાત્મ

## * ખાસ નોંધ *

ઓક્ટોબર ૧૯૯૨ ના અધ્યાત્મના વિદેશના લખાણોનું સંપાદન ટોરોન્ટો ધ્યાન કેન્દ્રના મુખ્ય સંચાલક શ્રી સુરેશભાઇ શાહે, ભારે જહેમત ઉઠાવી કર્યું છે. ટોરોન્ટોના શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના દશાબ્દી વર્ષની ઉજવણીને ૫. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની ૭૨ મી જન્મજયંતિ સાથે સાંકળી લઇને ૫. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં જો કાર્યક્રમ થયો, તે આ અંકનો પ્રધાન વિષય બન્યો છે. તેના રંગીન ફોટાઓ અને શ્રી યોગેશ્વર નાટકની વિસ્તૃત છણાવટથી આ અંકનું વાંચન સહુને ગમશે એવી આશા છે. ફોટાઓ અને લખાણને યોગ્ય રીતે રજુ કરી શકાય તે માટે અધ્યાત્મના અંકની સાઇઝમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે, તે જરૂરથી રોચક બનશે, એમ માનીએ છીએ.

અન્તમાં આ રંગીન ફોટાઓને ચાર કલરમાં સારી રીતે છાપવા માટે શ્રી રાધેશ્યામ પ્રેસના ભાઇઓએ જે જહેમત ઉઠાવી મદદ કરી છે, તે ખરે જ પ્રશસ્ય છે. અમે તેમના આભારી છીએ.

— તંત્રી

## * દિવાળીની શુભેચ્છાઓ ને નવા વર્ષના અભિનંદન *

ઓક્ટોબર, ૯૨ નો અધ્યાત્મનો આ અંક વાંચકોના હાથમાં આવશે, તે પછી તુરત જ દિવાળી અને નવા વર્ષના માંગલિક તહેવારો આવશે. એથી તેની શુભેચ્છાઓ અને નવા વર્ષના અભિનંદન—અધ્યાત્મ તરફથી સહુ વાંચકોને એટલી તો આંતરિક ખોજ અવશ્ય કરીએ કે ભૌતિક સમૃદ્ધિની ભ્રમજાળમાં મનુષ્ય જીવનનું ધ્યેય આત્મદર્શન કે ઈશ્વરદર્શન ચૂકી તો જવાતું નથીને? આનો જવાબ જો 'હા'માં હોય તો થોભો ને વિચારો કે ખોટી દિશામાં જઇ રહ્યા છીએ; પાછા વળો કે જીવનને નવો મોડ આપો.

— તંત્રી

અધ્યાત્મ

# "તું જા, હું આવું છું."

મા શ્રી સર્વેશ્વરી

સન્માન અને સરકારી સાહેબનો મોભ્ભો છોડી કેનેડા જવું કે કેમ એ મથામણ વચ્ચે ૧૯૭૫ માં શ્રી સુરેશભાઇ શાહે પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું માર્ગદર્શન માંગ્યું.

"તું જા, હું આવું છું."

પૂ. શ્રીના મધુર શબ્દોથી મન શાંત થયું. કેનેડા જવાની જાણે આશીર્વાદસૂચક સંમતિ મળી ગઇ. ૧૯૭૬ માં સપરિવાર કેનેડા આવી પણ ગયા.

અને... ૧૯૭૮ ની ઓક્ટોબરની વહેલી સવારે ફોનની ઘંટડી રણકી.

"કોણ?"

"હરિઃ ૐ."

"પ્રભુ તમે? પ્રણામ."

"હા, અમે લંડનથી બોલીએ છીએ, હું આવું છું."

"પરંતુ, પ્રભુ અમારું એપાર્ટમેન્ટ ખૂબ નાનું છે."

"સુરેશ, તારું ઘર નાનું છે. પણ તે અમારું છે. પોતાના ઘરમાં આવવામાં શાની અગવડ?"

વાત પૂરી થઇ. પૂ. શ્રી પધારવાનો આનંદ અમે કેવી રીતે રાખીશું તેની ચિંતા. વળી સત્સંગ કેવી રીતે રાખીશું? આપણને અહીં કોણ ઓળખે વગેરે અનેક પ્રશ્નોથી મીઠી મુંઝવણ શરૂ થઇ.

અને—એક ધન્ય દિવસે સૌના આશ્ચર્ય વચ્ચે પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. જ્યોતિર્મયી માતા શ્રી સુરેશભાઇના દ્વારે સામે ચાલીને પધાર્યા. સંતો જે જીવ ઉપર પૂર્ણકૃપા વરસાવવાના હોય તેને ત્યાં સામે ચાલીને જાય. ભગવાન ભક્તને ઘેર પધાર્યાનો આનંદ અદ્‌ભુત હતો.

શ્રી સુરેશભાઇની ઝૂંપડીમાં પ્રભુ પ્રેમથી વસ્યા. તે દરમ્યાન મંજુસરના મહાત્મા શ્રી મુકુટરામ મહારાજના પરિવારના બે સભ્યો શ્રી અશોકભાઇ પાઠક, શ્રી અજીતભાઇ પાઠક વળી શ્રી હર્ષદભાઇ તલાટી અને શ્રી સુરેશભાઇ અને એમના નાના ભાઇ શ્રી રાજુભાઇ શાહ. આ પાંચ પરિવારે પૂ. શ્રીના સત્સંગનો લાભ ટોરન્ટોમાં લીધો. વળી પાઠક ભાઇઓ સાથે પૂ. શ્રીએ કોર્નવોલ, ઓટાવા, મોન્ટ્રીયલની પણ મુલાકાત લીધી. ત્યાં શ્રી જયંતિભાઇ પટેલ, શ્રી નંદુભાઇ પટેલ વગેરે પરિચયમાં આવ્યા અને સવા મહિનો રહીને સૌને શાંતિ પરમાનંદ ધરી સત્સંગના શ્રી ગણેશ માંડયા. પૂ. જ્યોતિર્મયી માતાજીની એ યાત્રા પહેલી અને છેલ્લી નીવડી.

ફરી ૧૯૮૧ માં પૂ. શ્રી સાથે અમને પણ કેનેડાની યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. ત્યારે તો દરરોજ પ્રવચનો. વળી ટી.વી. ઉપર અને વર્તમાનપત્રોમાં પણ પૂ. શ્રીએ સ્થાન પ્રાપ્ત કર્યું. મોન્ટ્રીયલ, કોર્નવોલ હેમીલ્ટનમાં પણ પ્રવચનો ગોઠવાયાં. શ્રી સુરેશભાઇની મહેનત અને ભાવના ફળી.

૧૯૭૮ માં શ્રી સુરેશભાઇની ઇચ્છા ધ્યાનકેન્દ્ર સ્થપાય એવી હતી, પણ પૂ. શ્રીએ હજી વાર છે એમ કહી અટકાવ્યા.

૧૯૮૧ માં ડીસેમ્બરની ગુજરાતીઓની પ્રવૃત્તિથી પૂ. શ્રી વાકેફ થયા એટલે કહ્યું. "ક્રીસ્ટમસ પાર્ટી ગોઠવી ભારતીય સંસ્કારોને ભૂલતા તમે સૌ સત્સંગનું આયોજન કરો." એ વાત શ્રી સુરેશભાઇએ ઝીલી લીધી અને શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની સ્થાપના થઇ. પાંચ પરિવારથી પ્રારંભ

પામેલું એ કેન્દ્ર દર મહિને એકવાર સત્સંગ ગોઠવવા લાગ્યું. સંખ્યા વધી. ૧૫ ઓગસ્ટ, ૧૩ નવેમ્બર અને છેવટે ૧૮ માર્ચ, ગુરુપૂર્ણિમાનાં આયોજનો થયાં. ધીરે ધીરે બાળકો પણ જોડાયાં, નાની નાની યાત્રાઓ પણ ગોઠવાઇ. ફ્લોરીડા યાત્રા પણ થઇ. આજે કેન્દ્રના ૩ વર્ષથી ૨૩ વર્ષ સુધીના બધા જ બાળકો સુંદર ભજનધૂનો વાજીંત્રો સાથે ગાઈ શકે છે.

આ વર્ષે કેન્દ્રે દશાબ્દી મહોત્સવ ઉજવ્યો; ત્યારે કેનેડામાં જ જન્મેલા, ઉછરેલા બાળકોના રૂપમાં પૂ. શ્રી યોગેશ્વરજી પ્રકાશના પંથેના નાટક દ્વારા રંગમંચ ઉપર પધાર્યા. ત્યારે જ પેલા ૧૯૭૫ ના આશીર્વચનોની સાર્થકતા સમજાઇ.

"સુરેશ તું જા, હું આવું છું." અરે, બાળકોના રૂપે હું મંચ ઉપર આવું છું. મારે તો બાળકોના જીવનમાં પ્રવેશવું છે.

જાણે પૂ. શ્રીના એજ શબ્દો ફરી ફરી શ્રી સુરેશભાઇના કર્ણપટ ઉપર આજે પણ ગૂંજ્યા કરે છે.

૧૯૪૫ માં યાત્રા દરમ્યાન શ્રી મોહનલાલ શાહને પૂ. શ્રીનું પ્રથમ દર્શન થયું. પિતાજીના પુણ્ય પ્રતાપે ૧૯૪૭ માં નાનકડા નવ વરસના સુરેશને પૂ. શ્રીનું પ્રથમ દર્શન સાબરમતીમાં થયું. પિતાજીના સત્સંગના સંસ્કારોનું બીજારોપણ બાળવયથી જ થયું. માતાજી શારદાબેનના એ સંસ્કારોનું આજે જાણે વટવૃક્ષ સુરેશના રૂપે પાંગરી ઉઠયું.

પૂ. શ્રીએ પોતાનો વિદેશી પાર્ષદ શ્રી મોહનલાલના પરિવારમાંથી જ પસંદ કર્યો. પિતાએ સંતપરિચય આપ્યો. પુત્ર તરીકે સુરેશે એ પરિચય જાણ્યે અજાણ્યે વધાર્યો. વિદ્યાર્થીકાળથી જ ગળથુથી જાણે શ્રી યોગેશ્વરનામની પીધી ને સુરેશનું ઘડતર થયું. નાનાકડા એ બાળને કલ્પના પણ ન હતી કે મોટા થઇને કેનેડામાં વસીને ધ્યાનકેન્દ્ર ચલાવીશ. દશાબ્દી મહોત્સવ ઉજવીશ.

શ્રી મોહનલાલ જેવા સંસ્કારી પિતાના પૌત્ર શ્રી વીરલ શાહે આ ઉત્સવમાં પૂ. શ્રી યોગેશ્વરજીનો યુવાનીનો વેશ સર્વોત્તમ શિસ્ત, નમ્રતા સાથે શુદ્ધ ગુજરાતીમાં બોલીને ભજવ્યો ત્યારે તો સાચે જ સૌને શ્રી મોહનલાલની ત્રીજી પેઢીમાં પણ સંત-સમાગમના સંસ્કારોની પ્રસરેલી સુવાસ સ્પર્શી ગઇ.

દશાબ્દી ઉત્સવની ભવ્ય ઇમારત પાછળ ભક્ત, જ્ઞાની શ્રી સુરેશભાઇ શાહની વિશેષતાઓ પાયામાં પૂરાયેલી છે તે શી રીતે ભૂલાય?

દશ વર્ષના બાળકને ઉછેરવામાં જે જે કષ્ટો, મુશ્કેલી, મુંઝવણો માતાને નડે એવી ઘણી ઘણી મુંઝવણો શ્રી સુરેશભાઇને પણ નડી. પણ એ બધામાંથી પસાર થઇને કેન્દ્રને પ્રગતિના પંથે મૂકી શકાયું એ હકીકત છે.

નિયમિતતા, શિસ્ત, વિવેક, સિદ્ધાંતનિષ્ઠા, પૂ. શ્રીમાં અનન્ય શ્રદ્ધાભક્તિ, ચારિત્ર્યનિર્માણ જેવા સદ્ગુણોથી શ્રી સુરેશભાઇ સૌના સાચા રાહબર બન્યા છે. પૂ. શ્રી પાસેથી મળેલો શિસ્તનો વારસો અહીં આચાર સંહિતા ઘડવામાં ઉપયોગી ઠર્યો છે.

પૂ. શ્રી જેવા સમર્થ સંત શ્રી સુરેશભાઇના આંગણે પધાર્યા ત્યારે શ્રી વિમળાબેને પણ આદર્શ ધર્મપત્ની બની સર્વપ્રકારે સહયોગ પ્રદાન કર્યો. 'પૂ. શ્રીનું કામ છે, અને તે કરવાનું જ.' આવી નિષ્ઠાવાન્ સમજ સાથે બંને ધર્મકાર્ય કર્યા કરે છે. પૂ. શ્રીની હાલતી ચાલતી વીડીયો ફીલ્મ પણ શ્રી વિમળાબેનની હિંમતથી–સુઝથી જ આપણને પ્રાપ્ત થઇ છે. પૂ. શ્રીનો એ ઐતિહાસિક દસ્તાવેજ પણ આ પરિવારની જ દેણ છે.

દશાબ્દી પ્રસંગે પાયાના પથ્થરને અને એના પરિવારને તેમ જ શ્રી સુરેશભાઇની પડખે છાયાની જેમ સતત પડખે રહેનાર શ્રી રાજુ શાહને પણ શી રીતે ભૂલાય? કેન્દ્રમાં જોડાયેલા નિષ્ઠાવાન્ પરિવારના દરેક સભ્યોના સંપૂર્ણ સહયોગથી આ કેન્દ્ર ચાલી રહ્યું છે. સૌને અભિનંદન. સૌને પ્રભુ સર્વપ્રકારે સદ્બુદ્ધિ ધરી સત્કર્મ કરતા રહેવાની શક્તિ પ્રદાન કરો, એ જ મંગલ ભાવના. □

# પૂ. યોગેશ્વરજીનું નાટક–એક સમીક્ષા

સુશીલાબેન–ન્યુજર્સી અમેરીકા

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરન્ટો, કેનેડાનું પા, પા, પગલી પાડતું દસમું વર્ષ તો પૂરું થયું; પરંતુ અગિયારમા વર્ષના પ્રથમ સોપાનને તો એવું જાજરમાન બનાવ્યું, કે ભારતથી આવેલા અમે તો આશ્ચર્યચકિત થઇ આભા જ બની ગયાં!

અગિયારમાં વર્ષના એ પ્રગતિશીલ પ્રવેશના પાવન પ્રસંગને પ્રત્યક્ષ નિહાળવાનો અનેરો લ્હાવો પ્રાપ્ત થયો. સાથે શ્રી સદ્ગુરુના ૭૧ મા પ્રાગટ્ય દિનનાં મહોત્સવને માણવાની સુંદર તક કેમ વિસરી શકાય?

અમે અહીંથી ૧૪ મી ઓગષ્ટે ટોરન્ટોની દિશામાં પ્રયાણ કર્યું. અમારા પરિવાર સાથે શ્રી વિનોદભાઇની ગાડી હતી. અમે જ્યારે સાંજે સાત વાગે શ્રી સુરેશભાઇ શાહને ત્યાં ઉતર્યાં; ત્યારે અમારું ભાવભર્યું સ્વાગત થયું. અમે ભાવવિભોર બની ગયાં. શ્રી સુરેશભાઇને ત્યાં ભોજનને ન્યાય આપી, એક ભાઇને ત્યાં "૧૫ મીનિટનો સત્સંગ છે," ત્યાં આપણે પહોંચીશું એવું પરમ વંદનીય જગદમ્બા સ્વરૂપા માએ સૂચન કરતાં જ હું તૈયાર થઇ ગઇ. કેમકે મને એ માવડી સાથેનો લ્હાવો મળ્યો એને હું કઇ છોડું કે?

શ્રી પ્રભુદાસભાઇને ત્યાં સત્સંગમાં વાજિંત્રો સાથેની રમઝટ જામી હતી અને મને પુસ્તક ધરીને, ઈશારાની ભાષામાં ભજન ગાવાનો આદેશ મળતાં જ સર્વસમર્થનાં ગુણગાન ગાવાનાં મળ્યાં. એ આદેશ કોનો? એ ઈશારો કોનો? સર્વસમર્થ મા પ્રભુનો! કેટલાંક જાણીતાં, કેટલાંક અજાણ્યાં મુખડાંનો મલકાટ માણ્યો.

બીજે દિવસે ૧૫ મી ઓગષ્ટનું સોનેરી સુ-પ્રભાત લાલપીળા કુમકુમના છાંટણે ઉઘડયું. પૂ. માએ એ પરિમલ શા પ્રભાતને આવકાર્યું, અને સૌ કોઇએ એ પ્રભાતના પ્રાગટ્યને પારખ્યું કે, આજે અમારાં સદ્ગુરુદેવે પૃથ્વી પર ૭૧ વર્ષ પહેલાં પ્રગટ થઇને પ્રકાશના પંથની પગલી પાડી હતી. વળી જોગાનુંજોગ ૪૫ વર્ષ પહેલાં ભારતદેશે ગુલામીની જંજીરમાંથી મુક્તિનાં મોતી મેળવ્યાં હતાં.

આ બે પ્રસંગોનો સુભગ સમન્વય સાધીને શ્રી સુરેશભાઇએ સુરમ્ય રંગમંચને પાંચ કલાક સુધી કલાકારો, સાધકો, આમંત્રિતો, પ્રેક્ષકો દ્વારા સુશોભિત રાખ્યો.

બપોરે બે વાગે તે વળી કાર્યક્રમ હોઇ શકે? એવી કલ્પનાનો દોર ચાલતો હતો–કોણ આવશે? પરંતુ જોતજોતામાં તો અકલ્પનીય ગીરદીથી નગરખંડ ખીચોખીચ જકડાઇ ગયો. 'ઓ કેનેડા' રાષ્ટ્રગીતથી રંગમંચનો પરદો ખૂલ્યો. વંદે માતરમ્ ગાવાનો અનેરો લ્હાવો મને મળ્યો. સુતરીયા-ભાઇએ સૌરાષ્ટ્રી લઢણમાં દોહા ગાઇને ગુજરાત-ને કેનેડામાં ગજવી મૂક્યું.

ટોરન્ટોના સર્વે ગુજરાતી સાધકોનો હાર્દિક આભાર શા માટે વિસરાવો જોઇએ?

રાસની રમઝટ, ગરબાની ગુંથણી, તો ભરત નાટ્યમની ભૂલભૂલામણી આહ્લાદક અને આકર્ષક બની રહી. પરંતુ ત્રિઅંકી નાટકે તો ગજબનું કામણ કર્યું. જાણે કે સાક્ષાત્ પૂ. શ્રી યોગેશ્વરજીને રંગમંચ પર પ્રગટાવ્યા.

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં વસે એક ગુજરાત." કદાચ ખબરદાર સાહેબ કેનેડામાં ખડા થાય તો ખુશાલીનો પાર ન રહે! આ કોઇ અતિશયતા કે અતિરેક નથી. નક્કર વાસ્તવિકતા

છે. કેમકે નાટકના દૃશ્યો, પાત્રો ઊભા કરીને ગુજરાતને કેનેડામાં જીવંત બનાવાયું.

મુંબઇના છાત્રાલયમાં વસતા બાળ યોગેશ્વરની કેવી નરમાશ ઠાવકાઇ અને ઊંડી સમજ બધું જ એ બાળ કલાકારમાં તરી આવતું હતું. તો સાથેના વિદ્યાર્થીઓનો ગૃહપતિના ત્રાસનો કેવો અજંપો અને ઉદ્વેગ હતો કે અજાણતા નિર્દોષભાવે હૃદયના ઊંડાણમાંથી ગૃહપતિના મૃત્યુની માગણી થઇ ગઇ! તે સમયે બાળ યોગેશ્વરજીની ઠાવકાઇ તથા ઊંડી સમજનાં દર્શન થાય છે. તો વળી ગૃહપતિ પ્રત્યેનો સૌ કોઇ પ્રેક્ષકોનો તિરસ્કાર મળ્યો. એ જ અભિનયની ખૂબી!

વળી દેવકીબાઇ ધર્મશાળા (ઋષિકેશની હઠીલી, જીદ્દી લક્ષ્મીબાઇનો ગુસ્સો તથા અક્કડપણું, (ધર્મશાળાને પોતાની માલિકીની માનનારી, માલિક) સાથે ધમધમતી ચાલના પગલે પગલે વર્તાતુ નફ્ફટાઇભર્યું વર્તન, અભિનયની શ્રેષ્ઠતાને તાળીઓના ગડગડાટથી વધાવાયું હતું.

ખેર! તો તેની સામે યુવાન યોગેશ્વરની નરમાશ–માનસિક સ્થિરતા, અચલિતપણું કે પ્રભુ પ્રત્યેની એકરાગિતા કંઇ ઓછાં પ્રભાવશાળી નહોતાં. પાત્રની પસંદગી શુદ્ધ સ્વચ્છ ઉચ્ચારને કારણે વીરલ–અજોડ જ બની રહી.

સ્વામી ભિક્ષુ અખંડાનંદ સાથેનો પ્રસંગ ઉજ્જ્વળ બન્યો. કેમકે સ્વામીજી જેવું ગૌરરંગી, ઊંચાઇવાળું સુંદર શરીર, વ્યક્તિત્ત્વને ઓપ આપે તેવું જ હતું.

બીજાં પાત્રોમાં કાકા, મામા, ગંગા, કાશી, વગેરે પાત્રો પોતપોતાની રીતે ઠીક છાપ ઉપસાવતાં હતાં.

જ્યોતિર્મયી માતાજીનું પાત્ર આખાય ત્રિઅંકીમાં ગંભીર બની રહ્યું. હિમાલયની ગિરિકંદરાઓમાં વ્હાલસોયા એકના એક પુત્રરત્નને તપશ્ચર્યા માટે વિદાઇ આપતી માતાનું દૃશ્ય ગદ્‌ગદિત કરે તેવું બની રહ્યું. નાટકની પરાકાષ્ટાએ માઝ્ઝ મૂકી હોય, તો તે "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ." એ કાવ્ય પંક્તિથી વાતાવરણમાં ગમગીની પ્રસરી રહી.

કંઇક હૈયાં હાલી ઉઠયાં. પ્રેક્ષકોની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી! અરે એક માતા. જે અમારા કપૂરાના હતા જેમણે પોતાના નાના સંતાનને સાધુ બનવાની આજ્ઞા પ્રેમથી આપી હતી. તેમણે તો જાણે આજે જ વિદાઇ આપી હોય તે રીતે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયાં.

અંતે મા સર્વેશ્વરીજીનો સંસાર પ્રત્યેનો ત્યાગ, અને શ્રી યોગેશ્વરજી પ્રત્યેની દૃઢ અસીમ ગુરુભક્તિનો અભિનય પણ આવકાર્ય હતો. મા સર્વેશ્વરી જેવો પાતળો એકવડો શરીરનો બાંધો જોતાં જ ખ્યાલ આવી જતો હતો કે આ પાત્ર કોનો અભિનય કરશે!

એકંદરે આ ત્રિઅંકી નાટક પાછળ જેમણે પોતાનો કલા પ્રત્યેનો અભિગમ, રૂચિ અને પ્રાણ રેડયો એઓ શ્રી અજીતભાઇ તથા મનોરમાબેનનું જીવન ધન્ય છે કે, જેમણે પ્રકાશના પંથને સાદૃશ કરી પ્રેક્ષકોની કુણી લાગણી જીતી લીધી.

ભારતમાં ન રહેતા, ન જન્મેલાં, પોતાના ઘરમાં પણ ગુજરાતી ન બોલતા, એવા બાળકોને શુદ્ધ ગુજરાતીમાં નાટક ભજવાવવું એ લોઢાના ચણા ચાવવાની વાત છે. જો અતિરેક ન હોય તો કદાચ આ જ નાટકને ભારતનાં બાળકો આટલી એકાગ્રતાથી ન્યાય ન પણ આપી શકે.

આમ એકંદરે નાટક સુભોગ્ય તથા આનંદિત રહ્યું.

કેટલાક વિદેશી મહેમાનોએ પૂ. માનું બૂટ કાઢીને, નમસ્કાર કરીને, પુષ્પગુચ્છથી સન્માન કર્યું. તો અમારી સાથે આવેલી ન્યુજર્સીની વિનોદભાઇની દીકરીઓએ આરતીના ગીતથી સન્માનિત કર્યાં. અંતે જનગણમન....ભારતના રાષ્ટ્રગીતથી કાર્યક્રમની સમાપ્તિ થઇ! અંતે કહું તો કેનેડામાં ભારત ઊભું થયું. અને... અને... આખરે રસપૂરીનો મહાપ્રસાદ સૌએ આરોગ્યો. □

# The Dawn Of Something New

Reena Parikh

A revolution of new ideas,
sparked upon us like lightning.
In an era of total unrest, war, hunger and moral malnutritioning.
As chaos and destruction cave in all around,
we search and hope for something unbound.
a mortal, a divine grace,
showering us all with hope and glory.
leading us away from the dark side of the parallel.
Helping us achieve,
overcoming our obstacles.
A lending hand when we need healing,
A caring hand when we need love.
As a new borne babe,
something beautiful, something pure.
This is our Gurugi,
The dawn of something new.

# I Love Thee O'Lord

Lord you are with me now,
Yet I am unable to see you.
Grant me grace, empower me
to behold you.
You are my father,
You are my eternal mother,
You are the breath of my breath,
You are my heart, my soul,
You are everything.
From all sides, at all times
You are watching me, blessing me.
You are in the earth, the sky,
the universe, You are in the children
all creatures great and small.

You are everywhere.
Lord lead me, guide me,
purify me, render me peaceful,
wise, strong, noble, saintly.
As you are in me,
purify me, render me peaceful,
wise, strong, noble, saintly.
As you are in me,
express yourself through me.
Thy will is wonderful, perfect,
omnipotent.
"Let thy will be done" through me.
Let Thy love, which is unconditional
rule my heart.
I am forever burdened with difficulties.
Anything can easily burden
me with cares and worries.
Let Thy wisdom, Thy Grace,
Thy Light, Thy Care, Thy Love,
Conduct my life and preserve me
In the experience of Thy Peace,
Thy Power, Thy Happiness.
I love Thee O' Lord with all my heart.

Hari Om.


અંબાજીમાં ક્યાં ઉતરશો?

" સ્વર્ગારોહણ "

* માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ *

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી, ટે. નં. ૨૨૬૯

( ઉ. ગુ. ) ૩૮૫ ૧૧૦

# પૂ. યોગેશ્વરજી–ત્રિઅંકી નાટક

સમીક્ષક : શ્રી સુરેશભાઇ શાહ–કેનેડા

— બે બોલ —

[વિદેશની ધરતી ઉપર જો કોઇ વસ્તુની ખેંચ માનવો અનુભવતા હોય તો તે સમય છે. એથી ત્યાંનું જીવન ઘણું ફાસ્ટ લાગે. એવા ધમાલિયા જીવનમાંથી સમય કાઢીને એક મહાપુરુષની આત્મકથાના આધાર ઉપર સિનેરીઓ અને સંવાદોનું લેખન કરવું એ ઘણું અઘરું કામ શ્રી અજીતભાઇ પાઠકે કર્યું, એટલું જ નહિ, પરંતુ શ્રી મનોરમાબેન પાઠક સાથે રહીને એનું સરસ દિગ્દર્શન પણ સંભાળ્યું. આ વાત કાંઇ નાની સૂની નથી. તે માટે તેઓ બંનેને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. આ નાટક માટેનાં પાત્રો બન્યાં શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના બાળ સાધકો. વિદેશમાં જ જન્મી અને ઉછરેલાં એ બાળકો માટે ભારતના એક ઈશ્વરદર્શી સંત શ્રી યોગેશ્વરજીના જીવનના સાધનાત્મક પ્રસંગોના ભાવોને ઝીલી, નાટકના તખ્તા ઉપર રજુ કરવા એ કેટલું અઘરું કામ! આ બાળ અભિનેતાઓએ સરસ રીતે ઝીલી, શ્રી યોગેશ્વરજીને તખ્તા ઉપર જીવંત બનાવી દીધા. પરિણામે પ્રેક્ષકોને એ પાત્રોની જીવંતતાએ એવા તો જકડી રાખ્યા કે ૭૦ મિનિટના એ નાટકમાં પ્રેક્ષકો તરબોળ બનીને પોતાનું અસ્તિત્વ પણ ભૂલી ગયા! આવો સરસ જીવંત અભિનય આપનાર સહુ બાળનટોને અમારા અંતરના અભિનંદન.

અન્તમાં ઇચ્છીએ કે જે મહાપુરુષનો અભિનય તેઓએ તખ્તા ઉપર ભજવ્યો, તે તેઓના વ્યક્તિગત જીવનમાં પણ ઉતરી આવે; એઓનું જીવન વ્યસન રહિતતા, સાદાઇ, પવિત્રતા, પ્રામાણિકતા ને ઈશ્વરપ્રેમના સદ્‌ગુણોથી સભર બને, એજ પ્રાર્થના. **તંત્રી અધ્યાત્મ**]

" એક સમીક્ષા "

[નાટકના મૂળ લેખક, દિગ્દર્શક અને રજૂ કરાવનાર શ્રી અજીતભાઇ પાઠક અને શ્રીમતી મનોરમાબેન પાઠક–ટોરન્ટો–મંજુસરના પ્રાતઃસ્મરણીય પૂ. મુકુટરામ મહારાજ અને દાજીરામ મહારાજના પરિવારના સભ્યો.]

પૃથ્વી ઉપર જન્મ લઇને આપણે સૌ નાટક જ ભજવીએ છીએ, પોતપોતાના પૂર્વજન્મના કર્મો પ્રમાણે આપણને જુદા જુદા પાત્રો મળે છે. દુનિયાના રંગમંચ ઉપર વિધિના લખેલા લેખ પ્રમાણે આપણે આપણા પાત્રને ભજવીએ છીએ, પણ દુઃખની વાત એ છે કે આપણું નાટક સમાજને, કે દેશને માર્ગદર્શન આપી શકતું નથી. અહીં જે નાટકની વાત થાય છે તે એવા યુગ-પુરુષ–યુગાવતારનું નાટક છે કે જેમણે બાલ્યાવસ્થાથી જ કુટુંબ, પરિવારના સભ્યો, સમાજ ઉપર પોતાની અલૌકિક પ્રતિભાથી આગવી છાપ ઊભી કરી છે.

પૂ. યોગેશ્વરજીની આત્મકથા "પ્રકાશના પંથે" આધારિત પૂ. શ્રીના ૭૨ મા જન્મદિવસ નિમિત્તે યોગેશ્વર ધ્યાન કેન્દ્રે "દશાબ્દી મહોત્સવ" તા. ૧૫ ઓગષ્ટના રોજ ઉજવ્યો તેના સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ લગભગ સીત્તેર મીનીટનું આ ત્રિઅંકી નાટક હતું.

બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે માટે પૂ. માએ સ્વેચ્છાથી જ સ્ટેજની નીચે પ્રેક્ષકવર્ગની પ્રથમ હરોળમાં ખાસ તૈયાર કરેલી બેઠક ઉપર સ્થાન લીધું હતું. પૂ. માની હાજરી બાળકોને અનહદ પ્રેરણા અને ઉત્સાહ પૂરાં પાડતાં હતાં. પૂ. યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરોન્ટોના પરિવારોના બાળકોએ ૪ વર્ષથી માંડી ૨૨ વર્ષની વયનાઓએ આ નાટક પોતાના દિલ અને દિમાગથી પૂરા આનંદથી ભજવ્યું અને સૌએ તેની મોજ માણી.

આ નાટકના ત્રણ અંકો છે–પૂ. યોગેશ્વરજીના શૈશવ, યુવાવસ્થા અને ઉત્તરાવસ્થા એમ ત્રણ વિભાગમાં લગભગ ૨૫ બાળકોએ ભાગ લીધો.

## "પ્રથમ અંક"–બાલ્યાવસ્થા

ઓડીટોરીયમ હોલમાં લગભગ ૭૫૦ વ્યક્તિઓ ઊભરાઇ રહી હતી. મોટાભાગના ગુજરાતીભાષા સમજી શકતા હતા પણ બીજી ભાષા તરીકે નાટકના અંકની રજૂઆત પહેલાં તે અંકનો ઉપસંહાર અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવ્યો હતો જેથી દરેકને ભજવાતા નાટકનો ખ્યાલ આવે તથા જોવાનો આનંદ મળે.

**શ્રી નિકેત અજીતભાઇ પાઠક–રજુઆત અંગ્રેજીમાં**

**Even in this age of space conquest great sages are born on earth, to bring about revolutionary changes and carve out the path divine. It is only through such exponents of truth and love that spiritualism has survived to date and mysteries of death and life after death have been revealed.**

**This short preamble will bring you in touch with one such entity, our Right Reverend Shree Yogeshwarji, Who hails from Saroda, a village near Ahemadabad. Born on August 15, 1921.**

**This play, in three sections, is based on Yogeshwarji's autobiography PRAKASHNE PANTHE, published in 1977.**

### Section – 1

Yogeshwarji was born in a Brahmin family and was the only male child in home. Cruel fate had bereaved him of his father at the tender age of eight. Yogeshwarji had his primary education in the village of Saroda and while studying in school, he was looking after the farms and cultivation. His mother was extremely happy when Yogeshwarji passed his primary examinations and expressed her joy by sharing sweets with her son. Yogeshwarji expressed his concern to his mother for further studies but his mother denied due to shortage of funds. He still insisted that he had faith in God and God will help him out.

Meanwhile, his uncle mentioned to his sister not to worry for his further education because he could get him admitted in an orphanage institute upto grade eleven. He had deep faith in God. Every morning and evening Yogeshwarji prayed with his mother.

With the help of his maternal uncle, Yogeshwarji got admission in an orphanage institute in Bombay. They had to obey the instructions from the rector. The instructions and disciplines were very strict and binding. When the rector fell sick, the students were happy and hoped that he would die Soon. Yogeshwarji was advising fellow students not to behave unhuman and requested everyone to join the prayer for his early recovery.

પહેલા અંકની શરૂઆતમાં નેપથ્યમાંથી શ્રી સુતરીયાભાઇના સૌરાષ્ટ્રની સોરઠી ભાષામાં પૂ.

શ્રીના જન્મનું વર્ણન કરતા દોહા, મ્યુઝીક સાથે સૌને મુગ્ધ કરી દે છે. પછી નેપથ્યમાંથી કેસેટનો અવાજ આવે છે...

"પ્રકાશના પંથે"ની શરૂઆત પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મસ્થળ સરોડાથી કરી રહ્યા છીએ. મા જ્યોતિર્મયીની ગોદમાં બાળ યોગેશ્વરજીનું બાળપણ વીતી રહ્યું છે. સાધારણ બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા આઠવર્ષની નાનીવયમાં પિતાનું શિરછત્ર ગુમાવી ચૂકેલા બાળ યોગેશ્વરજીના જીવન ઘડતરમાં માતાજીનો ફાળો ઘણો અમૂલ્ય છે. નાની વયમાં અનેક પ્રતિકૂળતાઓની પરંપરા સર્જાય છે, છતાં પ્રભુ પ્રત્યે દૃઢવિશ્વાસ રાખનાર યોગેશ્વરજી સાધારણ બાળક કરતાં કાંઇ આગવી જ પ્રતિભા અને તેજસ્વીતા ધરાવી રહ્યા છે. પૂર્વજન્મના સંસ્કારો બાળપણથી જ જાગૃત થાય છે અને તેમાં વળી માતાજીના ધાર્મિક સંસ્કારોનું સીંચન સોનામાં સુગંધ ભેળવે છે તે નિહાળવા આપણે ઘડીભર સાબરમતીનદી કિનારે આવેલા સરોડા ગામમાં જવું પડશે... આટલી પ્રસ્તાવના બાદ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत,
अभ्युत्थानाय धर्मस्य तदात्मानम् सृजाम्यहम् ।
परित्राणाय साधुनाम् विनाशाय च दुष्कृताम्,
धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे... ॥

—ના સુમધુર શ્લોક અને શંખનાદ સાથે પ્રથમ અંકનો પડદો ખુલે છે. સાબરમતીમાં ખળખળ વહેતાં નીર અને પૂ. શ્રીનો પ્રાતઃકાળે થએલો જન્મ—આ વાતાવરણને વાચા આપવા નદીનાં નીર તેમજ પક્ષીઓના મીઠા કલરવનો અવાજ રજૂ થાય છે. પ્રથમ દૃશ્યમાં સરોડાનું ઘર તથા મંદિર પાસે પૂ. યોગેશ્વરજી માતા સાથે પ્રાર્થના કરતા દેખાય છે. નાનકડો કલ્પેશ મિસ્ત્રી પૂ. શ્રીના બાળપણનો અભિનય પોતાની કાલીભાષામાં સરસ રીતે રજૂ કરે છે. અને મા જ્યોતિર્મયીના પાત્રમાં હેતલ શાહ ખૂબ જ ઠાવકાઇ અને માતૃપ્રેમ દર્શાવતી જોવા મળે છે. લાલ ફાનસ, જૂનું મંદિર, ત્રાંબા પિત્તળનાં વાસણો, જૂની ખુરશી તથા જમીન ઉપર પાથરેલી શેતરંજી—સરોડાના એ જૂના ઘરની ચાડી ખાતાં દૃશ્યમાન થાય છે. પ્રાર્થના પછી યોગેશ્વરજી નિશાળે જવા નીકળે છે, ત્યારે માતાજી તેમને નિશાળેથી પાછા આવતાં ખેતર તરફ જઇ આવવા કહે છે. થોડીવારમાં યોગેશ્વરજી નિશાળેથી પાછા આવે છે. માતાજી ઘરકામમાં હોય છે. યોગેશ્વરજી પોતે પરીક્ષામાં પાસ થયાના આનંદની અભિવ્યક્તિ કરે છે. માતાજી ભણવાનું પૂરું થયાનો સંતોષ અનુભવે છે અને ખૂબ જ આનંદમાં આવી જાય છે. વધામણી આપતાં યોગેશ્વરજીને ગોળ ખવડાવી, અભિનંદન આપે છે. અને ઇચ્છા વ્યક્ત કરે છે કે હવે ભણવાનું પૂરું થયું છે તો ખેતરોની સંભાળ રાખજો, કારણ પિતાજીના સ્વર્ગવાસ પછી માતાજીનું યોગેશ્વરજી સિવાય કોઇ ધ્યાન રાખનાર નથી. યોગેશ્વરજી માતાજીને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે—માતાજી સમજાવે છે કે સરોડા જેવા નાના ગામમાં ચાર ધોરણ સુધી જ અભ્યાસ થઇ શકે—વધારે ભણવા ગામ છોડીને મોટા શહેરમાં જવું પડે અને માતાજી પાસે તેટલા પૈસા નથી. યોગેશ્વરજી માતાજીને પૈસા માટે ચિંતા નહીં કરવા જણાવે છે. અને યોગેશ્વરજીને ભગવાન ઉપર સંપૂર્ણ ભરોસો છે તેવી દૃઢતાથી રજૂઆત કરે છે.

દરમ્યાનમાં મુંબઇથી યોગેશ્વરજીના મામા આવે છે. ટ્રેઇનનો અવાજ આવે છે સાથે માથે સફેદ ટોપી, હાથમાં લાકડી, ધોતિયું, ઝભ્ભો તથા ચશ્મા પહેરીને મામા પ્રવેશે છે. પ્રેમલ શાહ, કમરમાંથી સહેજ વળીને હાથની છાજલી આંખો ઉપર કરીને આબેહૂબ રીતે મામાના પાત્રને ન્યાય આપે છે. અભિનય અને અભિવ્યક્તિ સૌને આશ્ચર્યમાં મૂકી દે છે.

યોગેશ્વરજી દોડતા દોડતા મામાને આવકારે છે. મુંબઈમાં સૌ કુશળ છે ને તેમ પૂછતાં મામા સૌની કુશળતા જણાવે છે. માતાજી ભાઈનું સ્વાગત કરે છે. પિત્તળના પ્યાલામાં પૂ. શ્રી પાણી આપે છે. પાણી પીતાં પીતાં મામા બહેનને ખબર અંતર પૂછે છે. માતાજી કુશળ હોવાનું ભાઈને જણાવે છે. પણ ચિંતા વ્યક્ત કરતાં જણાવે છે કે યોગેશ્વરજીને આગળ ભણવા જવું છે અને પોતાની પાસે તે માટેની આર્થિક જોગવાઈ નથી. થોડો વિચાર કરીને ભાઈ જણાવે છે કે બહેન તમે ચિંતા ના કરશો. મુંબઈમાં પોતે જ્યાં નોકરી કરે છે તેની બાજુમાં એક અનાથાશ્રમ છે ત્યાં ગરીબ બાળકોને મફત રહેવા ખાવાનું આપે છે અને ભણાવે છે. મેટ્રીક સુધીનો અભ્યાસ ત્યાં મફત થઈ શકે તેમ છે. ખૂબ ગંભીરતાથી માતાજી તેમની વાત સાંભળે છે અને પોતાના માતૃત્વને છતું કરતાં કહે છે કે "ભાઈ તમારી વાત સાચી છે પણ હું એકલી અને યોગેશ્વરજી નાના. મુંબઈ જેવા દૂરના અને આટલા મોટા શહેરમાં તેને કેમ ગમશે? અને કેમ ફાવશે?" યોગેશ્વરજી માતાજીને પોતાની ચિંતા નહીં કરવા જણાવે છે, કારણ પ્રભુ તેમની રક્ષા જરૂર કરશે. સાંજના વાળુ કરી. રાત્રે પ્રાર્થના કરી યોગેશ્વરજી માતાજીને પ્રણામ કરી માતાજીના પગ દબાવી આપી સૂઈ જાય છે... પડદો પડે છે....

અને ઉઘડતા પડદે પૂ. શ્રી અનાથાશ્રમમાં–મુંબઈમાં–ગૃહપતિ સાથે બીજા વિદ્યાર્થીઓ સાથે દૃશ્યમાન થાય છે.

ગૃહપતિ–યોગેશ લાડ, સફેદ ટોપી, સફેદ ઝભ્ભો તથા પાયજામો, અને બંડી, નાકે ઉતરી ગએલાં ચશ્મા, હાથમાં લાકડી સાથે દૈનિકપત્ર વાંચતાં પોતાના ઓરડામાં બેઠાબેઠા વિદ્યાર્થીઓ ઉપર કરડી નજર રાખે છે. આજુબાજુ જુએ છે. ઘડિયાળમાં જોતા હોય તેટલામાં બીજા બાળકો આવે છે. ગૃહપતિને પ્રણામ કરી શિસ્તબદ્ધરીતે બેસે છે. ગૃહપતિ બધાને અદબ પલાંઠી વાળી આંખો મીંચી પ્રાર્થના કરવા કહે છે. પછી ગૃહપતિ એક એક બાળકને પાસે બોલાવી તપાસે છે. એક વિદ્યાર્થીને વાળ તથા નખ નહીં કાપવા બદલ ધોલ થપાટ મારી ખૂણામાં અંગૂઠા પકડાવે છે. બીજાને નખ નહીં કાપવા બદલ કાન આંબળી ઉઠબેસ કરવાની શિક્ષા ફરમાવે છે. ત્રીજાને મફતીયા ખાવું ને પડી રહેવું એમ કહી ધમકાવે છે. ગૃહપતિની આ કડકાઈ તથા રુઆબ–યોગેશ લાડના અભિનયમાં આબેહૂબ વ્યક્ત થાય છે. અંગુઠા પકડનાર–પરેશ મિસ્ત્રી નિઃસહાય વિદ્યાર્થી તરીકે લાચારી વ્યક્ત કરે છે. ઊઠબેસમાટે પકડાઈ જતો વિદ્યાર્થી કેયૂર શાહ ગૃહપતિ પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કરે છે. અને મફતીયા ખાવા માટે ચિરાગ પરીખ ગૃહપતિના ગુસ્સાને ઠાવકાઈથી સહન કરતો જોવા મળે છે. એવામાં ગૃહપતિ માંદા પડે છે. જેમને તેઓએ શિક્ષા કરી છે તે વિદ્યાર્થીઓ અનુક્રમે પરેશ મિસ્ત્રી, કેયૂર શાહ તથા ચિરાગ પરીખ ગૃહપતિ ગંભીર માંદગીમાંથી સાજા ના થાય તો સારું તેવા ભાવ વ્યક્ત કરતા સ્ટેજ ઉપર જોવા મળે છે. તેવામાં યોગેશ્વરજી બંને હાથથી ઉત્તેજીત બાળકોને શાંત કરે છે અને જણાવે છે કે બધાને તેઓ સાંભળી રહ્યા છે. "ગૃહપતિ ગમે તેવા ખરાબી હોય તો પણ આપણા વડીલ છે અને ગૃહપતિ છે તો આપણી ફરજ છે કે આપણે સૌએ તે જલ્દી સાજા થઈ જાય તે માટે પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. કચવાતા મને બધા વિદ્યાર્થીઓ આ માન્ય રાખે છે.

પૂ. યોગેશ્વરજી બાળપણથી જ સુસંસ્કારોથી મંડિત હતા તથા ઈશ્વર ઉપર દૃઢ વિશ્વાસ અને અચળ શ્રદ્ધા હતી. તે તેમના પાત્ર દ્વારા આપણને જાણવા મળે છે. પ્રકાશનો પંથ બતાવનાર બાળક જન્મથી જ અતિવિરલ સંસ્કારો લઈ પૃથ્વી ઉપર પધારે છે તે તેનું સૂચક છે.

અહીં પ્રથમ અંક પૂરો થાય છે.

## "બીજો અંક"–યુવાવસ્થા

### શ્રી નિમેષ રાજેન્દ્રભાઇ શાહ–અંગ્રેજીમાં રજૂઆત

### Section – 2

Yogeshwarji returns from Bombay and offers pranams to his mother. She suggests that since his studies are now over, he should look for a job. Yogeshwarji has no intention to do any job, though he realizes that there is no source of income. Right from childhood Shree Yogeshwarji had ardent inclination for the path divine and as such he wanted to visualize God incarnate. Being the only son, his mother wanted to get him married. He firmly denied for marriage. He also declared that he wanted to go to Himalayas for meditation. His uncle reminds him of the debt. Yogeshwarji paid up the debt from the assistance he received from Bhikshu Akhanda Nadjee.

Yogeshwarji arrives at Rishikesh to a public institute known as Devakibai Dharmashala. The manager of that institue is Laxmibai. She is very arrogant and dictative. She gives hard time to Yogeshwarji but he knows that his prime concern is to meditate and not to dispute or argue with her. He overlooks all her cursing and immoral behaviour.

બીજો અંક... આપણને યોગેશ્વરજીને બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થા તરફ લઇ જાય છે. પડદો ખુલતાં જ આપણને સરોડાનું ઘર દેખાય છે. પૂ. શ્રી મુંબઇથી પાછા આવે છે. માતાજી ઘરકામ કરતાં હોય છે. યોગેશ્વરજી પ્રણામ કરે છે. આડોશી પાડોશી પણ યોગેશ્વરજીને મળવા આવે છે. માતાજી શરીર સુકાઇ ગયાની વાત કરે છે. તથા હવે અભ્યાસ પૂરો થયો હોઇ નોકરી બાબત પૃચ્છા કરે છે. યોગેશ્વરજીના યુવાવસ્થાના પાત્રમાં વિરલ શાહ અભિનય આપે છે. સફેદ લેંઘો અને સફેદ ઝભ્ભામાં સ્પષ્ટ ઉચ્ચારો, ગંભીરતાભર્યો અભિનય, આર્થિક પરિસ્થિતિની મૂંઝવણ તથા પ્રભુપ્રત્યેની અચળ શ્રદ્ધા ડગલે, પગલે જણાઇ આવે છે. યોગેશ્વરજી નોકરી કરવાનો પોતાનો વિચાર નથી તેમ જણાવે છે અને પ્રભુના દર્શનની લગની લાગી છે તેમ માતાજીને જણાવે છે. માતાજી યોગેશ્વરજીના લગ્ન માટેનો પ્રસ્તાવ મૂકે છે. યોગેશ્વરજી લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડે છે અને હિમાલયના એકાંત સ્થાનમાં રહી સાધના કરવા જણાવે છે. પાડોશીકાકાના પાત્રમાં જીગર તલાટી ખૂબ જ સુંદર અભિનય આપી જાય છે. અને યોગેશ્વરજીને શિખામણ આપે છે કે તું હિમાલય જઇશ તો માતાજીની સંભાળ કોણ રાખશે? યોગેશ્વરજી માતાજીને જણાવે છે કે જેમ દરેક જીવોનું લાલનપાલન પ્રભુ કરે છે તેમ માતાજીનું પણ કરશે. વચમાં મામા યોગેશ્વરજીને જણાવે છે કે, "તારા પિતાએ મારી પાસેથી સો રૂપિયા ઉછીના લીધા છે તે બાકી છે, હિમાલય જતાં પહેલાં દેવું ચૂકવીને જજે. યોગેશ્વરજી મામાનો યાદ કરાવવા માટે આભાર માને છે તથા દેવું ચુકવીને હિમાલય જવાની ખાત્રી આપે છે.

યોગેશ્વરજી પોતાના સ્વરચિત ભજનો અને લેખો સ્વામી અખંડઆનંદજીને બતાવે છે. તે જોઇ તેઓ પ્રસન્ન થાય છે. સ્વામીજી યોગેશ્વરજીની નાની ઉંમરમાં સ્રી માત્રમાં જગદંબાના દર્શન કરવાની વૃત્તિ તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની લગનીને મનથી અભિનંદે છે. પ્રભાવિત થઇ અપવાદરૂપે રૂા. ૧૨૦ ની મદદ આપે છે. ભગવારંગના વસ્ત્રોમાં, માથે મુંડન, પગમાં ચાખડી અને ગૌરવર્ણ તથા સારી એવી ઉંચાઇ ધરાવતો ધર્મેશ ખરેખર પ્રેક્ષકોને હેરત પમાડે છે. યોગેશ્વરજી સાથેનો મૈત્રીભર્યો વ્યવહાર તથા સહૃદયતાપૂર્વકની વાતચીત પાત્રને સરસ ઉઠાવ આપે છે.

દેવાની ભરપાઇ કરી પૂ. માતાજીની આજ્ઞા લઇ યોગેશ્વરજી ઋષિકેશમાં દેવકીબાઇની ધર્મ-શાળામાં મુંબઇના ટ્રસ્ટીઓની ભલામણ ચિઠ્ઠી લઇ આવે છે. ધર્મશાળાની મેનેજર લક્ષ્મીબાઇ જેવી ઝગડાખોર, હઠીલી અને કદાવર શરીરવાળી બાઇ સામે સતત એક વર્ષ શાંતિથી ટકી રહ્યા અને લક્ષ્મીબાઇ સાથે સહિષ્ણુતાભર્યો વ્યવહાર રાખ્યો. આમાં તેમની નૈતિક હિંમતનું પાસું છતું થાય છે. રાખી પાઠક તેના શરીરની કદાવરતા તથા મુખ ઉપરના ગુસ્સા તથા તેને અનુરૂપ ચાલથી પ્રેક્ષકો-માં આકર્ષણ જમાવે છે. સાથે ધર્મશાળામાં કામ કરતી ઠાવકીબાઇ તરીકે પ્રેયસી પાઠક સુંદર અભિનય કરે છે. લક્ષ્મીબાઇનું પાન લાવવાનું તથા ધર્મશાળાના પરચુરણ કામ કરનાર તરીકે રીના લાડ પણ આજ્ઞાંકિતપણાનો ખ્યાલ આપી જાય છે. લક્ષ્મીબાઇ મુંબઇના ટ્રસ્ટીઓની ભલામણ ચિઠ્ઠીની દરકાર કરતી નથી. આવેશમાં વાંચીને ફાડી નાંખે છે, અને ધર્મશાળા ઉપર તેના સિવાય કોઇનો હક્ક નથી તેમ જણાવે છે. ત્યાં હાથમાં માળા સાથે એક વૃદ્ધાબેન આવે છે અને યોગેશ્વરજીની સહન-શીલતા જોઇ લક્ષ્મીબાઇથી ચેતતા રહેવાની તેમને સલાહ આપે છે. માજીનો સ્વાંગ જીજ્ઞા તલાટીનો છે. તે ખૂબ જ આબેહૂબરીતે હાથમાં માળા લઇ, મુખપર નિર્દોષતા રાખી યોગેશ્વરજીને સલાહ આપે છે.

[અહીં બીજો અંક સમાપ્ત થાય છે....પડદો પડે છે.]

## "ત્રીજો અંક"–પ્રૌઢાવસ્થા

### શ્રી સંદીપ જયંતિભાઇ પટેલ–રજૂઆત અંગ્રેજીમાં

### Section – 3

An old friend of Yogeshwarji named champakbhai comes to see him after a long time. Champakbhai tells Yogeshwarji that he wanta to live with him in a solitary place like Dev Prayag and Dasharatha chal. Yogeshwarji explains the difficulty of unavailability of simple food, water and other basic comforts. Still Champakbhai insists to stay with Yogeshwarji. Yogeshwarji, thereafter, returns to saroda and tells his mother that he has decided to live near Dashrathachal mountains and meditate to achieve his goal. He asks for his mother's permission and blessings.

His mother, while garlanding him, conveys, "May God protect you and fulfill all your desires." He meditated for seven years. After a very long and arduous struggle he succeeded in visualizing the Goddess Jagdumba, Lord Shiva, Lord Buddha, Lord Rama etc.

MAA SARVESHWARI IS THE SPIRITUAL SUCCESSOR OF MAHATMA YOGESHWARJI.

પડદો ઉઘડતાં યોગેશ્વરજી શાંતિથી બેઠેલા દેખાય છે. પ્રૌઢાવસ્થાના યોગેશ્વરજીનું પાત્ર નિલેષ મિસ્ત્રી ભજવે છે. સફેદ ધોતિયું. ઉપર શાલ અને વધેલી દાઢી તથા બેકગ્રાઉન્ડમાં આબેહૂબ બતાવેલો હિમાલય જાણે કે ગંગાની પવિત્ર સ્મૃતિ તથા હિમાલયના એ પાવન પ્રદેશની ઝાંખી કરાવે છે. અને સાધનાકાળના યોગેશ્વરજીને જીવંત બનાવે છે. ત્યાં ચંપકભાઇ યોગેશ્વરજીના જુના મિત્ર પ્રણામ કરીને યોગેશ્વરજી પાસે બેસે છે. અને ઘણા દિવસોથી મળવાનો વિચાર કરતા હતા પણ નહીં આવી શકવાનો ખેદ વ્યક્ત કરે છે. યોગેશ્વરજી ચંપકભાઇને ઘણા સમય પછી રૂબરૂ મળતા હોઇ ક્ષેમકુશળ પૂછે છે. ચંપકભાઇ પોતાનું સ્વાસ્થ્ય સારું હોવાનું જણાવે છે અને થોડો સમય એકાંતમાં યોગેશ્વરજી સાથે રહેવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે. ચંપકભાઇના પાત્રમાં હિતેશ લાડ, ખાદીનો લેંઘો, ઝભ્ભો અને ખાદીની બંડી તથા

વધી ગએલી દાઢી સાથે શ્રી ચંપકભાઇની સ્વાતંત્ર્યની લડતના દિવસોના સ્વાતંત્ર્યપ્રેમી અને દેશપ્રેમી ચંપકભાઇની સેવામૂર્તિને તાદૃશ કરે છે. ચંપકભાઇના પ્રસ્તાવને અનુમોદન આપતા યોગેશ્વરજી જણાવે છે કે તેઓની ઇચ્છા પણ થોડો સમય કાઢીને દશરથાચલ તરફ એકાંતમાં જઇ સાધના કરવાની છે. પડદા પાછળ લક્ષ્મીબાઇ આ સંવાદો સાંભળી ગુસ્સે થઇ બંનેની ઉપસ્થિતિ માટે બડબડાટ કરે છે. ચંપકભાઇ આ સાંભળી ગુસ્સે થઇ ઊભા થઇ જાય છે અને લક્ષ્મીબાઇને ઠપકો આપવા તૈયાર થાય છે. પરંતુ યોગેશ્વરજી તેમને તેમ કરતાં રોકે છે અને જણાવે છે કે જેવો જેનો સ્વભાવ, આપણે તો શાંતિ જાળવવી અને યોગેશ્વરજી પ્રભુને પ્રાર્થના કરે છે કે લક્ષ્મીબાઇને સદ્‌બુદ્ધિ આપે. યોગેશ્વરજીના સ્વભાવ તથા સહનશક્તિની અહીં કસોટી થાય છે. પણ જેમનું ધ્યેય કેવળ સાધના દ્વારા ઈશ્વરપ્રાપ્તિનું જ છે તેમને આ બધું ગૌણ તેમ જ અનાવશ્યક લાગે છે. યોગેશ્વરજી ચંપકભાઇને જણાવે છે કે તમે મારી સાથે આવવાની વાત કરો છો પણ એ નિર્જન (જગ્યામાં) સ્થળમાં, ખાવાપીવાની તથા બીજી જીવન જરૂરિયાતની વસ્તુઓની તંગી હોવાથી તેમ જ પોતે મૌન, રાખીને પોતાનો સમય જપ, તપ અને ધ્યાનમાં ગાળવાના હોવાથી, તેમને યોગેશ્વર-જી સાથે નહીં ફાવે. ચંપકભાઇ પોતે કઠોર જીવનથી ટેવાઇ ગયા હોવાનો દાવો કરે છે. યોગેશ્વરજી તેમને જણાવે છે કે આમાં તેમની કસોટી થવાની છે. કારણ ત્યાંની ઠંડી પણ કાતિલ છે. ચંપકભાઇ દૃઢતાપૂર્વક જણાવે છે કે જે પ્રભુ યોગેશ્વરજીની રક્ષા કરવાના છે તે જ તેમની પણ રક્ષા કરશે. યોગેશ્વરજી ચંપકભાઇની દલીલ માન્ય રાખે છે અને જણાવે છે કે સરોડા જઇ માતાજીને બધી વાત કરવી છે.

ઊઘડતા પડદે વળી પાછું સરોડાગામનું દર્શન થાય છે. માતાજી ઈશ્વરસ્મરણ કરતાં હોય છે. યોગેશ્વરજી માતાજીને પ્રણામ કરે છે અને હરદ્વારથી માતાજીને મળવા આવ્યાનું જણાવે છે. અને પોતે દેવકીબાઇની ધર્મશાળામાં નોકરી કરતાં કરતાં હિમાલયમાં જુદાં જુદાં સ્થળોએ ફર્યા ત્યા પોતાની સાધના માટે દશરથાચલ પર્વત પાસેનું શાંત તેમ જ એકાંત સ્થળ પસંદ પડયું હોવાનું માતાજીને જણાવે છે. ચંપકભાઇ પણ તેમની સાથે રહેવા જણાવે છે, તેવું માતાજીને જણાવી, માતાજીની આજ્ઞા અને આશીર્વાદ માંગે છે.

યોગેશ્વરજીનો માતૃપ્રેમ, માતૃભક્તિ તથા આદર્શમાતાના પોતે અતિ આદર્શ બાળક છે તે આ વ્યવહારથી આપણને જણાઇ આવે છે. માતાજી મનમાં થતી અસહ્ય વેદનાને હૃદયમાં ધરબાવી દઇને યોગેશ્વરને ગોળ ખવડાવી, ફૂલની માળા પહેરાવી આંખમાં આંસુ સાથે પોતાના એકના એક લાડકવાયા બાળને પ્રભુપંથે પ્રયાણ કરવા અનુમતિ આપે છે. આશીર્વાદ આપે છે અને જણાવે છે કે તમારા પૂર્વજન્મના પ્રબળ સંસ્કારને કારણે જ તમારું પ્રભુભક્તિ તરફ આટલું બધું ખેંચાણ છે અને ભગવાનની એમાં જ મરજી હશે. તમે ત્યાં જઇ ખૂબ ભક્તિ કરો અને ભગવાન તમારી ઇચ્છાઓ પૂર્ણ કરે.

હેતલનો માતાજીનો અભિનય તથા યોગે-શ્વરજીની વિદાય અને નેપથ્યમાંથી આવતો સૂર. "મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ..." નાટકને તેની ચરમસીમા ઉપર લઇ જાય છે. યોગેશ્વરજી તથા માતાજીનો અભિનય પરાકાષ્ટાએ પહોંચે છે. પ્રેક્ષકોનાં હૃદય દ્રવી ઊઠે છે અને વાતાવરણમાં સ્તબ્ધતા વ્યાપી જાય છે. સમગ્ર પ્રેક્ષકવર્ગ તાળીઓના ગડગડાટથી હોલને ગજવી મૂકે છે અને પ્રથમ હરોળમાં બેઠેલાં 'મા' અભિનય જોઇ પ્રસન્ન થઇ જાય છે—બાળકોને મનોમન ધન્યવાદ

અર્પે છે અને હર્ષઘેલાં થઇ લેખકને પાસે બોલાવી જણાવે છે કે સ્ટેજ ઉપર જઇ બાળકોને ઊંચકી લઉં–તેવું મન થાય છે.

નાટકનું અંતિમ દૃશ્ય હિમાલયના પ્રદેશનું છે જ્યાં યોગેશ્વરજી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા છે. દાઢી વધી ગઇ છે, શરીર કૃષ થઇ ગયું છે. પ્રોજેક્ટર રૂમમાંથી ફક્ત સ્ટેજ ઉપર જ લાઇટ હોય છે. સમગ્ર હોલમાં અંધકાર છવાઇ જાય છે. વિજળીના કડાકા, હિંસક પ્રાણીઓના અવાજો સાથે મધ્યરાત્રિએ યોગેશ્વરજીને ભગવાન શંકર, ભગવાન કૃષ્ણ તથા રામકૃષ્ણદેવ અને જગદંબાનાં દર્શન થતા બતાવાય છે. ચંપકભાઇ બાજુમાં જ બેઠેલા છે–જેમના દર્શન થાય તેમના ઉપર જુદા જુદા રંગની લાઇટ ફેંકવામાં આવે છે અને પ્રેક્ષકગણને યોગેશ્વરજીને ઈશ્વરદર્શન થયાની પ્રતીતિ થાય છે. યોગેશ્વરજી માતાજી તથા નારાયણભાઇને પત્ર લખે છે.

અંતમાં યોગેશ્વરજીના પ્રવચનમાં મા–સર્વેશ્વરી બીજા ભક્તો સાથે સ્ટેજ ઉપર જણાય છે. 'મા'ના પાત્રમાં વૈશાલી પટેલ પોતાની સુડોળ, એકલવડી કાયામાં ધીર ગંભીર અભિનયમાં શોભી ઉઠે છે. મા–યોગેશ્વરજીને જણાવે છે કે તમારા જેવા સંત જીવનમાં ગુરુ તરીકે મળતા હોય તો સર્વસ્વ છોડવા તૈયાર છું, તેમ દૃઢતાથી જણાવે છે. યોગેશ્વરજી પોતાનો વરદહસ્ત ઉંચો કરી આશીર્વાદ આપે છે અને મા–નું સ્વરચિત ભજન "વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો..." સાથે પડદો પડે છે. ત્રિઅંકી નાટક અહીં સમાપ્ત થાય છે. પ્રેક્ષકોનું જાણે કે આ નાટક સવિશેષ આકર્ષણ હોય તેમ "Once More, Once More"ના ઉદ્‌ઘોષો હોલમાં સંભળાય છે. જેનું નાટક તે યોગેશ્વરજીની કૃપાથી જ આ સફળતા મળી તેમાં જરાયે અતિશયોક્તિ નથી.

શ્રી યોગેશ્વર કૃપા

* સંદીપ વેલ્ડીંગ વર્ક્સ *

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.




પૂ. માનું હોલ ઉપર આગમન.



શ્રી ક્ષીપ્રાબેન અમીન (ઓટાવા) "ભારત નાટયમ્"ની એક લાક્ષણિક મુદ્રામાં.



૧૫ ઓગષ્ટ, ભારતના સ્વાતંત્ર્યદિને
શ્રી સુશીલાબેન રાષ્ટ્રગીત ગવડાવે છે.



ઓટાવાના શ્રી અનિતાબેન પટેલ
ગીતની સુંદર અભિનય મુદ્રામાં.



હોલમાં વિશાળ માનવ મેદની કાર્યક્રમ નીહાળી રહી છે.



પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રેક્ષકો સાથે કાર્યક્રમમાં.




પૂ. શ્રી યોગેશ્વરજીના સરોડાગામના ઘરનું દૃશ્ય : યોગેશ્વરજી, રમણમામા તથા માતાજી.



શ્રી યોગેશ લાડ ગૃહપતિના પાત્રમાં.




દેવકીબાઇ ધર્મશાળાની શ્રી લક્ષ્મીબાઇના પાત્રમાં શ્રી રાખીબેન પાઠક.



શ્રી યોગેશ્વરજીનું ભિક્ષુ અખંડાનંદજી પાસે આર્થિક મદદ માટે જવું.



શ્રી યોગેશ્વરજીનું શ્રી ચંપકભાઇ સાથે મિલન.



દશરથાચલના એકાંત પ્રદેશમાં
સાધનામગ્ન શ્રી યોગેશ્વરજી



શ્રી રમણમામા અને પડોશી કાકા ભારે હૈયે
યોગેશ્વરજીને હિમાલય જવાની અનુમતિ આપે છે.



પૂ. મા સાથે શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના બાળકો.
ડાબેથી જમણી તરફ : પ્રેમલ શાહ, કેયુર શાહ, યોગેશ લાડ, ધર્મેશ મિસ્ત્રી અને વિરલ શાહ.
રીના લાડ, પ્રેસી પાઠક, વૈશાલી પટેલ, પૂ. મા, જીજ્ઞા તલાટી, હેતલ શાહ, રાખી પાઠક.




ઑંટેરીઓ સીટીઝન શીપની કચેરીના શ્રી ગ્લેનકોર્ટ સંબોધન કરતાં જણાય છે.



પૂ. મા પાસેથી પ્લેક, પુસ્તકો, પ્રસાદ તથા આશીર્વાદ સ્વીકારતા શ્રી ગ્લેનકોર્ટ.



શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરોંટોના સંચાલક શ્રી સુરેશભાઇ શાહ તેમજ વિમળાબહેનને
પૂ. મા પ્રસાદ અને આશીર્વાદ આપે છે.



આરતીના અંતિમ કાર્યક્રમમાં વિશાળ જનમેદની.

# પૂ. યોગેશ્વરજી–ત્રિઅંકી નાટક

## પાત્રસૂચિ અને પાત્ર પરિચય

દિગ્દર્શકઃ–પ્રકાશના પંથે ઉપરથી શ્રી યોગેશ્વરજી નાટકના સાનેરિયો અને સંવાદોના લેખક શ્રી અજીતભાઇ પાઠક તથા મનોરમાબેન પાઠક.

અથાગ પરિશ્રમ, ઝીણવટભરી વિચારશક્તિ, અપૂર્વ ઉત્સાહ અને અતિશય ચીવટ, કાળજી અને હૈયાની સૂઝથી નાટક ભજવાયું અને લોકપ્રિય બન્યું.

દિગ્દર્શનઃ–

શ્રી અજીતભાઇ પાઠક–શ્રીમતી મનોરમા પાઠક.

પૂ. યોગેશ્વરજીઃ–

**બાળપણઃ**–અભિનય શ્રી કલ્પેશ મિસ્ત્રી, ઉં. વ. ૧૦, સરોડા ગામમાં નિશાળે જતા યોગેશ્વરજી–હકીકતમાં ખૂબ જ સરસ મંજીરા વગાડે છે તથા ધૂન ગવડાવે છે.

**યુવાવસ્થાઃ**–અભિનય શ્રી વિરલ શાહ, ઉં. વ. ૧૬, અનાથાશ્રમમાં ભણી–ભિક્ષુ અખંડઆનંદજી પાસેથી ૧૨૦ રૂા. મેળવી દેવું ચૂકવનાર. રોજીંદા જીવનમાં ભજન, ધૂન ગવડાવે છે અને ઈલેક્ટ્રીક કીબોર્ડ વગાડે છે.

**પ્રૌઢાવસ્થાઃ**–અભિનય શ્રી નિલેષ મિસ્ત્રી, ઉં. વ. ૨૦, મા–સર્વેશ્વરીને સ્વીકારી, પોતાના આધ્યાત્મિક વારસદાર તરીકે જનસમુદાયને આપનાર... વ્યક્તિગત જીવનમાં સુંદર ઢોલક વગાડે છે. કલામાં સારો રસ ધરાવે છે. સ્ટેજ ઉપરના હિમાલયનું સર્જન એનું પોતાનું છે.

**મા–સર્વેશ્વરીઃ**–વૈશાલી (ડોલી) પટેલ, ઉં. વ. ૧૨, પોતાના એકવડા શરીરથી, ઉપવાસી હોય તેવું આબેહુબ લગાડે છે. સારી ધૂન ગાય છે. મા માટે ખૂબ પ્રેમ ધરાવે છે. આર્ટવર્ક પર પ્રેમ છે.

**મા–જ્યોતિર્મયીઃ**–હેતલ શાહ, ઉં. વ. ૧૬, સ્પષ્ટ ગુજરાતી, સુંદર અભિનય અને નાટકમાં પૂ. શ્રીની વિદાય વખતે સૌની આંખમાં આંસુ લાવનાર બાળ કલાકાર સરસ ભજન, ધૂન ગવડાવે છે. દરેક વિષય ઉપર સારી વક્તૃત્વશક્તિ ધરાવે છે.

**રમણમામાઃ**–પ્રેમલ શાહ, ઉં. વ. ૧૨, ગુજરાતીના સ્પષ્ટ ઉચ્ચારો તથા ધોતિયું, ઝભ્ભો અને ટોપી અને લાકડીના અભિનયમાં પૂ. શ્રીને ૧૦૦ રૂા. નું દેવું યાદ કરાવનાર, પ્રેમલ સરસ મંજીરા વગાડે છે તથા ચિત્તાકર્ષક ધૂન ગવડાવે છે.

**કાકાઃ**–જીગર તલાટી, ઉં. વ. ૧૮, રામકૃષ્ણદેવના પ્રેમી પરિવારનું બાળક–કાકાના પાત્રમાં જોરદાર રજૂઆત કરી પ્રેક્ષકોને પ્રિય બને છે. નાટક, વાંચન તેમ જ સંવાદોમાં રસ ધરાવે છે અને અતિશય મિલનસાર સ્વભાવ ધરાવે છે.

**ભિખ્ખુ અખંડઆનંદઃ**–ધર્મેશ મિસ્ત્રી, ઉં. વ. ૧૬, ગૌરવર્ણમાં ભગવાં કપડાંમાં શોભતો ધર્મેશ, મંજીરા, ઢોલક તેમ જ શંખ વગાડે છે. ધૂન સરસરીતે ગવડાવે છે અને ગુજરાતી ભજનોનું અંગ્રેજીમાં ભાષાંતર કરે છે. રામકૃષ્ણ દેવ તેમ જ પૂ. મા ઉપર અનહદ પ્રેમ ધરાવે છે.

**લક્ષ્મીબાઇઃ**–રાખી પાઠક, ઉં. વ. ૧૨, ઋષિકેશની દેવકીબાઇની ધર્મશાળામાં પોતાનો હક્ક જમાવી બેઠેલી લક્ષ્મીબાઇ પોતાના હઠીલા,

જીદ્દી, અને અક્કડાઈવાળા સ્વભાવથી અભિનય-ની શ્રેષ્ઠતાને તાળીઓના ગડગડાટથી વધાવાય છે. પૂ. દાજીરામ અને પૂ. મુકુટરામ મહારાજના પરિવારનું સંતાન છે.

**ડોશીમાઃ**–જીજ્ઞા તલાટી, ઉં. વ. ૧૪, સફેદ વસ્ત્રોમાં, હાથમાં માળા અને કમરમાંથી વળી-ગએલી વૃદ્ધાના પાત્રમાં જીજ્ઞા ખૂબ ઉર્મિશીલ લાગે છે. રામકૃષ્ણદેવ પર ખૂબ શ્રદ્ધા ધરાવનાર પરિવારનું સંતાન–ધૂનો પ્રેમથી સરસ રીતે ગવડાવે છે.

**ગૃહપતિઃ**–યોગેશ લાડ, ઉં. વ. ૧૬, સફેદ લેંઘો, ઝભ્ભો, બંડી તથા કાનઉપર લાવી દીધેલાં ચશ્મા અને માથે ટોપી તથા હાથમાં લાકડી. ખૂબ જ કડક સ્વભાવ અને શિસ્તના આગ્રહી ગૃહપતિ નાટકમાં પકડ જમાવે છે પણ વિદ્યાર્થીઓમાં અપ્રિય થઈ પડે છે. તેનામાં કળાની સૂઝ વારસા-ગત મળેલી દેખાય છે.

**ચંપકભાઈઃ**–હિતેશ લાડ, ઉં. વ. ૨૨, ખાદીના વેશમાં યોગેશ્વરજીના સાધનાકાળના સાક્ષી, મૂક સેવક, હિમાલયના નિર્જન સ્થાનમાં યોગેશ્વરજી સાથે રહે છે. સાંઈબાબા તથા 'પૂ. મા'માં ખૂબ શ્રદ્ધા ધરાવે છે.

**નારાયણભાઈઃ**–પીન્ટુ શાહ, ઉં. વ. ૧૮, પૂ. શ્રીના સહાધ્યાયી તથા સાધનાકાળના સાક્ષી, પૂ. માના પૂર્વજન્મના સંસ્કારોને અનુમોદન આપ-નારા... પીન્ટુ, પોતાની રીતે પૂ. માના આશીર્વાદથી, પોતાના જીવનને નવો આધ્યાત્મિક વળાંક આપી રહ્યો છે.

**ધર્મશાળામાં કામ કરતી બહેનોઃ**–રીના લાડ, ઉં. વ. ૧૪, લક્ષ્મીબાઈનું પાન લાવી આપનાર તથા ધર્મશાળામાં લક્ષ્મીબાઈના મદદગાર તરીકે અતિઆજ્ઞાંકિતપણું દર્શાવે છે. કાર્યક્રમમાં "દિલડા-ના મહાદેવ" પ્રાર્થના રીનાની છે. ધૂન, ભજન સારી રીતે ગાય છે.

પ્રેસી પાઠક, ઉં. વ. ૧૪, યુવાવસ્થાના યોગેશ્વરજીને ધર્મશાળામાં આવકારતી અને તેમનો પત્ર લક્ષ્મીબાઈને પહોંચાડતી પ્રેસી સરસ ધૂન ગાય છે. પૂ. દાજીરામ અને પૂ. મુકુટરામ મહારાજના પરિવારનું સંતાન છે.

**અનાથાશ્રમનાં બાળકોઃ**–પરેશ મિસ્ત્રી, ઉં. વ. ૧૬, પોતાને ધીબી નાંખતા ગૃહપતિને પોતે ધિક્કારે છે તે સ્પષ્ટ રીતે તેના અભિનયમાં દેખાય છે. પોતે વાંસળી સરસ રીતે વગાડે છે.

**બીજાં બાળકોઃ**–ચિરાગ પરીખ, ઉં. વ. ૧૦.
અનિકેત શાહ ઉં. વ. ૮.
નિખિલ શાહ, ઉં. વ. ૬.
કેયુર શાહ, ઉં. વ. ૧૦.

પૂ. યોગેશ્વરજીને હિમાલયમાં સાધનાકાળ દરમ્યાન દર્શન આપતાં **બાળકોમાં**–

* કૃષ્ણ–મેહુલ શાહ, ઉં. વ. ૧૨.
* મહાદેવ–ભાવેશ શાહ, ઉં. વ. ૬.
* જગદંબા–રાધા લાડ, ઉં. વ. ૭.

* નેપથ્ય પાછળથી સોરઠીભાષામાં દોહા–શ્રી ધનજીભાઈ સુતરીયાભાઈ, ન્યુજર્સી.

**અંગ્રેજી અનુવાદ**–

* શ્રી નિકેત પાઠક, ઉં. વ. ૧૬.
* નિમેષ શાહ, ઉં. વ. ૨૨.
* શ્રી સંદીપ પટેલ, ઉં. વ. ૨૦.

# દશાબ્દી મહોત્સવ–સંદેશાવાંચન

સંકલન : શ્રીસુરેશભાઇ સાહ–ટોરન્ટો

આજથી દસવર્ષ પહેલાં વાવેલા બીજમાંથી, વટવૃક્ષ થએલા ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિઓને પ્રત્યક્ષ નિહાળવા પરમાત્મા સ્વરૂપ મહાપુરુષ યોગેશ્વરજી સદેહે ભલે સાધકોની વચ્ચે ના હોય પરંતુ તેમની પ્રેરણા અને તેમની કૃપાથી જ આ મહોત્સવ ઉજવવાનું સામર્થ્ય શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરોન્ટોને મળ્યું. ૧૫ મી ઓગષ્ટનો પવિત્ર દિવસ પૂ. શ્રીનો જન્મદિવસ અને પૂ. માની હાજરી જાણે કે માનવજીવનનો ચંદ્ર આધ્યાત્મિક જગત-ના આકાશમાં પૂર્ણિમાની જેમ ખીલી ઉઠયો અને હાજર રહેલા સૌ પ્રેક્ષકોનાં હૈયાને અંતરથી અજવાળી ગયો. પૂ. માના આત્મારૂપી કમળને ભાવરૂપી કિરણોથી વિકસાવી ગયો. પૂ. માને જાણે કે આ મહોત્સવ મલકાવી ગયો. બાળકોની કાર્ય-શક્તિ, ભાવના અને પ્રેમ જાણે કે માના મન–અંતરને પરિતૃપ્તિની પરમસીમા પર પહોંચાડી ગયો !

પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરોન્ટોએ પાઠવેલા આમંત્રણને માન આપીને જે સંદેશાઓ મળ્યા છે અને જેઓ ટોરોન્ટોના આ મહોત્સવમાં હાજર નથી રહી શક્યા તે પૂ. યોગેશ્વર પરિવારના શુભેચ્છા સંદેશાઓ અમને તાર, ટપાલ, ટેલીફોન તથા પત્રોના માધ્યમથી મળ્યા છે તે સૌ સંદેશાઓ પૂ. માએ શબ્દશઃ વાંચ્યા છે અને તે વાંચીને સંતોષ તેમ જ પ્રસન્નતા વ્યક્ત કરી છે તે કહેવાતી ભાગ્યે જ જરૂર હોય. છતાં તેનો ઉલ્લેખ કર્યા વગર અમે રહી નથી શકતા, કારણ તમારા હૃદયના વિશુદ્ધ-ભાવો અને અંતરમાંથી ઉદ્ભવતી શુભ કામનાઓ અમારા માટે મોટું પીઠબળ છે. અમારા કાર્યોને તમારી શુભેચ્છાઓથી વેગ ને પ્રેરણા મળે છે, આશા છે કે તમારા સૌના હૃદયમાં આત્મીયતાનું પ્રાપ્ત કરેલું સ્થાન અમે સૌ દીપાવી ગૌરવભેર જાળવી શકીએ. વિદેશની ધરતી ઉપર તમારા સૌની આત્મીયતા જ અમારી મહામૂડી છે.

સંદેશાઓનો સારભાગ અત્રે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ–

**શ્રી અંબાલાલ શીવશંકર શુક્લ (લિબલવાલા), મણીનગર, અમદાવાદ.**

પૂ. શ્રીના બેન તારાબેન તથા શ્રી અંબાલાલ-ભાઇનો આત્મીયતાથી અલંકૃત સંદેશો કાર્યક્રમની સફળતા ઇચ્છે છે તથા જણાવે છે કે–

પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી જે કાર્ય હયાતીમાં તેમ જ હાલ સૂક્ષ્મરૂપે કરી રહ્યા છે તેમ જ પૂજ્ય મા શ્રી સર્વેશ્વરી પૂજ્યશ્રીના કાર્યોનું દૈવી-શક્તિથી માર્ગદર્શન આપી રહ્યાં છે અને તેનો લાભ સાધકોને આપી રહ્યાં છે તેટલા પ્રમાણમાં આપણે વધુ ભાગ્યશાળી છીએ.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરોન્ટો અને તેમાં શ્રી સુરેશભાઇ શાહ તથા તેમનું કુટુંબ પૂજ્યશ્રીના અનન્ય સેવકો છે, જેઓ બાળપણથી જ સેવાકાર્ય કરતા આવ્યા છે તેઓ તથા શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–ટોરોન્ટોના સાધકોએ જે પ્રગતિ કરી છે તે ધન્યવાદને પાત્ર છે.

પૂજ્યશ્રીના જન્મદિવસે હાજર રહેલા તમામ સાધક ભાઇબહેનો પૂ. શ્રીના ચીંધ્યા રાહે આગળ વધી, દિવ્યપ્રકાશમય જીવન બનાવે તેમ જ બીજા-ઓને પણ આનો લાભ આપવા પ્રયત્નશીલ રહે તેવી અભિલાષા.

**કપુરાથી શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી**–પોતાના અંતરના અંતરની અભિવ્યક્તિ કરતાં જણાવે છે કે–

ટોરોન્ટો ધ્યાન કેન્દ્ર જેવાં અનેક કેન્દ્રો જગતભરમાં સ્થપાય ને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ચાલુ કરે તો બહુજન સમાજનું જરૂર કલ્યાણ થાય, પણ અફસોસની વાત છે કે બહુજન સમાજને હજી આધ્યાત્મિક ભૂખ નથી, અને જ્યાં છે ત્યાં એટલી તીવ્ર નથી કે તેઓ આવાં કેન્દ્રોની સ્થાપનામાં નિમિત્ત બને. ટોરોન્ટો ધ્યાન કેન્દ્ર દશ વર્ષ પૂરા કરી અગિયારમા વર્ષમાં પદાર્પણ કરે ત્યારે અમારા જેવાને ખૂબ આનંદ થાય. મા સર્વેશ્વરી ધ્યાન કેન્દ્રના સંચાલન માટે સૌને પ્રેરણા પ્રદાન કરે એવી અભિલાષા.

**ભાવનગરથી શ્રી નારાયણભાઈ જાની**–જેમના પરિચયની કોઈને જરૂર નથી તે ભક્તપુરુષ, અધ્યાત્મના સંનિષ્ઠ તંત્રી, અમને આધ્યાત્મિક કાર્યોમાં પ્રેરણાના પિયૂષ પાનાર લખી જણાવે છે કે–

પૂ. માની હાજરીમાં પૂ. ગુરુદેવના જન્મ-દિનની ઉજવણી અને તે પણ વિદેશની ધરતી ઉપર કદાચ પહેલો જ પ્રસંગ હશે. પૂ. મા–પ્રભુની કૃપાથી જ તમો સહુને આ ઉજવણી માટેની સ્ફુરણા થઈ, એટલા માટે જ તમો સહુ પરદેશોમાં વસો છો. તમો સર્વે જ તે પ્રભુના એલચીઓ છો અને તેઓના યુગકાર્યના સંદેશવાહકો છો. પૂ. માની દોરવણી નીચે જ આપણે સહુએ આ કાર્ય કરવાનું છે. જેઓનું મોટું પુણ્ય હોય તેઓને જ આ યુગકાર્યમાં સહભાગી થવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. પૂ. માનું તપ એ જ તેઓનું યુગકાર્ય લાગે છે. આજની દુનિયાના માનવો માટે એક નવું જ પરિમાણ સર્જવા તેઓનું પ્રાકટ્ય લાગે છે.–સહુ સાધકોને વ્યક્તિગતરીતે અમારી યાદ આપશો. પૂ. માને કોટિ પ્રણામ.

**મોરબી ધ્યાનકેન્દ્રના સંચાલક તથા મા–પ્રભુના પરમ કૃપાપાત્ર શ્રી હરિભાઈ ભોજાણી** જણાવે છે કે–

ધરતીમાં ધરબાયેલું બીજ જ્યારે અંકુર અવસ્થા વટાવીને યુવાવસ્થાના ઉંબરે પદાર્પણ કરે છે ત્યારે તે બીજના રોપનારાઓને જે આનંદની અનુભૂતિ થાય છે તે કલ્પનાતીત હોય છે.

આ કેન્દ્રના પાયાના પત્થરોને આજે જે આનંદ અને આત્મસંતોષની અનુભૂતિ થતી હશે તે કોણ અનુભવી શકે? એ કાંઈ વાણીનો વિષય નથી. એ તો અનુભૂતિનો વિષય છે.

આજનો દિવસ પૂ. ગુરુદેવના પ્રાગટ્યનો મહાન દિવસ છે. આપે એ દિવસના મહોત્સવની સાથોસાથ દશાબ્દિ મહોત્સવને સંકલન કરીને જોડી દીધેલ છે તે એક ઘણું જ પવિત્ર અને ઉમદા કાર્ય છે.

**શ્રી છગનભાઈ ભક્ત, કેલીફોર્નીયા**–અમેરીકાથી પોતાના પૂ. શ્રી સાથેના પરિચયના આધારે જણાવે છે કે–

પૂ. માના જીવનમાં શ્રી મહાત્માજીએ પ્રવેશ કરી જે જગદંબાની શક્તિ આપી છે તે ખરેખર અદ્‌ભુત છે. પૂ. મા એટલે "મા"–બાળકને કાંઈ ચિંતા ના હોય જ્યાં "મા" હોય ત્યાં.

માનવસમાજને તદ્દન સરળ, સાદી, વ્યવ-હારિક, નિયમિતતા, ભક્તિયોગ સાથે આધ્યાત્મિક પંથે દોરનારા અમારા જીવનમાં અમેરિકામાં જો કોઈ મહાપુરુષના સંપર્કમાં અમે આવ્યા હોઈએ તો તે પૂ. યોગેશ્વરજી જ છે. પ્રથમવાર, લોસ-ઍન્જલેસમાં દસવર્ષ પહેલાં અમે જન્માષ્ટમીનો પ્રસંગ ઉજવ્યો ત્યારે તે અમારા મુખ્યમહેમાન થએલા. તે પ્રસંગે સત્સંગ દ્વારા પરિચય થએલો તે કદિ ભૂલાશે નહીં. અમને પાવન કર્યા. અમારા પ્રણામ સ્વીકારશો.

**સીડની–ઓસ્ટ્રેલીયાથી લક્ષ્મીબેન, સ્મિતા અને શ્રી અરવિંદભાઇ–**

ધ્યાનકેન્દ્ર સ્થપાયાને દસ વર્ષ પુરાં થયાં તે નિમિત્તે અને મહાત્માજીના પ્રાક્ટયદિનની ઉજવણી નિમિત્તે તમે જે ભવ્ય કાર્યક્રમ યોજ્યો છે તેના આમંત્રણ માટે આભાર. પરમ પૂજ્ય મા સર્વેશ્વરીજી પોતે જ ત્યાં ઉપસ્થિત છે એટલે કાર્યક્રમની સફળતામાં કશી ઉણપ હોઇ શકે જ નહીં. છતાં અમારા અંતરની સર્વ શુભેચ્છાઓ પાઠવતાં અને ધ્યાનકેન્દ્રની ઉત્તરોત્તર પ્રગતિ ઇચ્છતાં ખૂબ જ આનંદ અનુભવીએ છીએ.

પરમ પૂજ્ય માનો આદેશ સ્વીકારીને સદ્‌ગુણી બનતાં ભારતીય સંસ્કૃતિની જાળવણીમાં ગૌરવ લેતાં બાળકોને સવિશેષ ધન્યવાદ. પૂ. માના ચરણોમાં અમારા પ્રણામ.

**મેમ્ફીસ–અમેરીકાથી–ધીરૂભાઇ આર. ભક્ત.**

પૂ. મા માટે અમેરીકા ખંડની ધરતી પર પદાર્પણ કરવાનું આકર્ષણ તમારો શુદ્ધપ્રેમ અને ભક્તિ છે. એમની સાથે કેટલા બધા યુગોથી તમારી સાથેનો પ્રેમ સંબંધ ચાલ્યો આવતો હશે કે તમારું સ્વપ્નું સાકાર કરવા માટે તથા તમારી ભૂખને સંતોષવા તેમ જ સૌને જાગૃત કરવા માટે ક્યાં ભારત અને ક્યાં કેનેડા! કષ્ટદાયક પ્રવાસ કરીને મૂઠીમાં સમાય જાય એવી કાયા લઇને તમારે બારણે આવીને ટકોરા મારી જાગૃત થવાનો સંદેશો આપી રહ્યાં છે! તમે સૌ સાધકોએ પૂ. મા સર્વેશ્વરીને ઓળખ્યાં, સંપૂર્ણ સમજ્યા અને પ્રેમમાં પાગલ બન્યા. હવે પરબ્રહ્મની પ્રાપ્તિ માટેની આરાધનાને એમના માર્ગદર્શનથી આગળ ધપાવજો. પૂ. માને તમારા હૃદયકમળમાં કાયમને માટે આસન આપજો.

**શ્રી બાબુભાઇ વોરા–સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા પૂ. શ્રીના અનન્ય ભક્ત, અમદાવાદ ધ્યાન કેન્દ્રના સંચાલક.**

ગુજરાતના બધા સાધક ભાઇબહેનોએ આપનો આ પ્રસંગ સરસ રીતે, ઉત્સાહથી તથા ગૌરવભેર ઉજવાય તેવા આશીર્વાદ પાઠવ્યા છે અને ટોરોન્ટો ધ્યાનકેન્દ્ર દિવસે દિવસે પ્રગતિ કરે તથા બધાને આશીર્વાદરૂપ બને તેવી પ્રાર્થના કરી છે. પૂ. માને પ્રણામ પાઠવશો.

**શ્રી મગનભાઇ ભક્ત–સનેવેલી તથા શ્રી ગોવિંદભાઇ ભક્ત–ડુઆર્ટી–અમેરિકા.**

"દીવો રે દીવો, પ્રભુ માંગલિક દીવો,
સદ્‌ગુરુ યોગેશ્વર, શાશ્વત જીવો."

મહાપ્રભુ યોગેશ્વરજીને તેઓના ૭૨ મા પ્રાકટયદિનના મંગલ અવસરે લાખો પ્રણામ. કોટિ કોટિ નમસ્કાર–હૃદયપૂર્વકના ઘણા ઘણા વંદન.

પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના સાધક–પરિવાર તરફથી પૂ. મહાત્મા યોગેશ્વરજીનો પ્રાકટયદિન ઉજવી સાધનાના ધન–ખજાનામાં વૃદ્ધિ કરવા એ પુણ્ય–પાવનકારી અવસરે પાવન–મહોત્સવ યોજ્યો છે તે સર્વ પ્રકારે મંગલમય અને કલ્યાણકારી બની રહો એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

**શ્રીમતી ગુલાબબેન–મેમ્ફીસ–અમેરિકા.**

"સર્વલોકના સર્જનહાર યોગેશ્વર ભગવંત,
તું છે સર્જનહાર, તું છે સર્જનહાર,
આદિ અનાદિ એક જ તું છે,
જડ, ચેતનમાં આણુએ આણુમાં,
પરમાત્મા સારા, તું છે સર્જનહાર."

પ્રભુ, સૃષ્ટિમાં પ્રગટીને તમારું પૂર્ણરૂપે દર્શન કરાવવાની કૃપા કરી. પ્રભુ બનીને, મા બનીને પ્રેમની અખંડ વર્ષા વરસાવી શરણે આવેલા સૌ જીવોને ધન્ય બનાવ્યા. તમારી લીલાને સીમિત મન, વિચાર અને કલમથી શી રીતે વર્ણવું? પ્રભુ સદા તમારા પ્રેમી બની જઇએ, જન્મોજન્મ તમારું જ શરણ અને ભક્તિ આપો. સાથે રાખો શાંતિ આપો. માનવરૂપે પ્રકટો, માનું વ્રત પૂર્ણ કરો.

**અંબાલાલભાઈ મિસ્રી...રગ્બી...લંડન.**

ટોરોન્ટો ધ્યાનકેન્દ્રનો દશાબ્દી મહોત્સવ પ. પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં પ. પૂ. સદ્‌ગુરુદેવ મહાત્મા યોગેશ્વરજીના જન્મદિનાંક તા. ૧૫–૮–૯૨ ના શુભદિને હોઈ મહોત્સવના દરેક માંગલિક કાર્યો પૂજ્યશ્રી, પ. પૂ. મા સર્વેશ્વરી તેમ જ આપણા સહુના ઈષ્ટદેવોની અમીમય કૃપાથી આનંદમાં પરિપૂર્ણ બનો એજ મા–ભગવતિ જગદંબાને અંતરની નમ્ર પ્રાર્થના.

**શ્રી વસંતભાઈ ભક્ત, પનામા.**

આપ સૌ પ. પૂ. માના સાન્નિધ્યમાં યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરોન્ટો, દશાબ્દી મહોત્સવ અને સાથે ૧૫ મી ઓગષ્ટ, પૂ. શ્રીનો જન્મદિવસ પણ ઉજવો છો, જાણી આનંદ. પ. પૂ. મા પ્રભુની કૃપાથી સારી રીતે ઉજવાય અને આપ સૌ આનંદ માણો એવી શુભેચ્છાઓ પનામાના બધા જ સાધકોની છે. પ. પૂ. માને અમારા દંડવત્ પ્રણામ.

**શ્રી રમેશભાઈ તથા શારદાબેન–ઓઝાના–ટેક્ષાસ–અમેરિકા.**

પૂ. શ્રીના જન્મદિવસે જ તમારા ધ્યાન-કેન્દ્રનો ઉત્સવ, પરમ પૂજ્ય કૃપાળુમાની હાજરીમાં ઉજવાય રહ્યો છે. જે સૌના માટે આનંદની વાત છે. તમારા સૌના અહોભાગ્યની વાત છે.

આજના પવિત્ર દિવસે આપણે પ્રભુને અંતરથી પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! અમો સાચા માનવ બનીએ, એવું બળ અને પ્રેરણા હંમેશા આપજો. પૂ. માને લાયક બાળકો બનીએ એવી મા–પ્રભુને પ્રાર્થના કરીએ.

**શ્રી વિજયસિંહ રાણા તથા વડોદરા ધ્યાન-કેન્દ્રના સાધક પરિવાર.**

સુંદર, હાથે ચીતરેલા સુશોભિત પત્રમાં, વડોદરાના પૂ. મા–પ્રભુના સાધકો જણાવે છે કે...

"અમારા ગુરુના પદે અમારી પ્રીતિ હજો,
કૂણા કાળજાની કોરે એનું આસન હજો."–

પૂજ્ય માના પવિત્ર સાન્નિધ્યમાં પૂ. શ્રી યોગેશ્વરજીના ૭૨ મા પવિત્ર પ્રાગટ્યદિનની અને શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરોન્ટોના દશાબ્દી મહોત્સવના ત્રિવેણી સંગમ જેવા અલભ્ય અવસરે, વડોદરા ધ્યાનકેન્દ્રના સાધકો અંતરના અંતરતમમાંથી અનેક શુભેચ્છાઓ તથા આપસૌ પર પૂ. મા–પ્રભુની કૃપા સતત વરસતી રહો તથા ધ્યાન કેન્દ્ર વટવૃક્ષની જેમ ફૂલેફાલે અને આવા આધ્યાત્મિક ઉત્સવોનું આયોજન થતું રહે અને સૌને પવિત્ર–પ્રેરણા પ્રદાન કરે એવી મા–પ્રભુને પ્રાર્થના. અમે સૌ પ્રસંગની સફળતા ઈચ્છીએ છીએ.

**શ્રી શાંતિભાઈ કનેરીયા તથા રાજકોટ ધ્યાનકેન્દ્રના સભ્યો**

પૂ. મા સર્વેશ્વરીના પુણ્ય પ્રેરક સાન્નિધ્યમાં આપ સૌ આ મંગળ આધ્યાત્મિક પર્વ ઉત્સાહથી ઉજવી રહ્યા છો તે જાણી અમે ધન્યતા અનુ-ભવીએ છીએ.

વિદેશમાં રહીને પણ આપ સૌ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિની દિવ્ય જ્યોત્ જ્વલંત રાખી રહ્યા છો તે જાણી અમે અનન્ય અહોભાવ અનુભવતાં પ્રેરણા પિયૂષનું પાન કરીએ છીએ. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા સર્વે બાળકોને સપ્રેમ–સહૃદય આશીર્વાદ. વ્હાલાં બાળકો ! પૂજ્ય ગુરુદેવ અને પૂજ્યમાના જીવન-માંથી તમે ખૂબ ખૂબ શીખતાં રહેજો.

**M. D. Badoni... Haridwar...U.P.**

योगेश्वर ध्यान केन्द्र टोरोन्टो की दसवी वर्षगांठ के उत्सव का निमंत्रण पत्र मिला। उत्सवकी सफलताके लिये परम वंदनीय माँ–प्रभुसे प्रार्थना करता हूँ। पूज्य मासे प्रार्थना है

की ध्यानकेन्द्रसे सभी कार्यकर्ताओको हम सबकी ओरसे शुभकामनाएं और धन्यवाद दें। पूज्य मासे जो प्रेम मिला उसका वर्णन करनेकी मेरी लेखनीमें शक्ति नहीं है।

આ સિવાયના જે સંદેશાઓ અમને અંગ્રેજીમાં મળ્યા છે તેનો સારાંશ નીચે પ્રમાણે છે–

**Shri Narayanbhai Jani–Editor Aadhyatma–Bhavnagar.**

I am happy to receive your invitation on the occasion of the Birthday celebration of our BELOVED MASTER, YOGESHWARJI, IN TORONTO, CANADA, On the 15th AUGUST. THIS DAY is indeed a very auspicious one for all of us, who were fortunate enough to come in his direct contact. We are highly indebtable to him for enligthing our lives and leading us on the path of righteousness, which takes us to God...

In the end I must add that his highest contribution to us was the acquaintance of our Holy MOTHER MAA SARWESHWARI, the greatest of the great penancers of our time, without her loving guidence it was possible for us to set deviated from the path of righteousness shown by our Beloved MASTER.

GURUDEV MAY BLE'SS YOU ALL.

**Shree Ramkabir Bhakta Samaj–California–U.S.A.**

On Behalf of shree Ramkabir Bhakta Samaj Trustees And members, I take great pride and honour to thank you personally for the kind invitation of 10th Anniversary of Yogeshwar Dhyankendra–Toronto in presence of our beloved Maa. SARVESHWARI On saturday. August–15th 1992.

We wish you all success and congratulations to select this day, which is the BIRTH DRY of our DIVINE Master–MAHATMA YOGESHWARAJI and the birth of a new independant nation India–Bharat. Once again our Ramkabir. MAY GOD BLESS YOU.

**Shri Bhagvanbhai Bhakta... California...U.S.A.**

Wish you all success and pranams to MAA. Thank you for the invitation.

Following MASSAGES WERE RECEIVED BY THE YOGESHWAR DHYAN KENDRA–TORONTO FROM DIFFERENT DIGNITORIES OF–ONTARIO–CANADA. WE THANK THEM ALL ROR THEIR GOOD WISHES.

(1) Mel Lastman...MAYOR CITY OF NORTH YORK.

(2) Paul Sutherland... Councillor... CITY OF NORTH YORK.

(3) Varonica Lacey, Director, Board of Education–CITY OF NORTH YORK.

(4) Earl Campbell–Director, Board of Edncation Scarborough.

(5) Assistant Co–ordinator, counselling services NORTH YORK, Board of Education.

જેમણે પણ પોતાનો સંદેશો સાચાપ્રેમથી મોકલ્યો છે તેમને અમે કેમ ભૂલી શકીએ? સ્થળ-સંકોચના કારણે જેમના સંદેશાઓ વિગતવાર નથી આપી શકતા તેમની નોંધ નીચે પ્રમાણે છે—

ન્યુઝીલેન્ડથી—શ્રી મહેન્દ્ર ભક્ત.

ગુજરાતઃ—

વડોદરાથી—શ્રી સનતભાઇ જોષી.
મોરબી—સ્તુતિ તથા કિર્તનકુમાર.
મોરબી—શ્રી પ્રભુદાસ હળવદિયા તથા નીલાબેન.
સુરત—શ્રી અતિસુખલાલભાઇ શેઠ.
સુરત—શ્રી રમેશભાઇ જે. પટેલ.
રાજકોટ—શ્રી ચંદ્રકાંત જી. પંડયા.
મોરબી—દીપ ભોજાણી.
ભાવનગર—હિતેશ ભટ્ટ.
વડોદરા—શ્રી વિનુભાઇ અમીન.
સુરત—શ્રી ચીમનલાલ મહેતા.
બારડોલી—શ્રી દવેબાપુ.
વડોદરા—વેદ કોન્ટ્રાક્ટર.

અમારી ચોક્સાઇ હોવા છતાં પણ કોઇનો સંદેશો અથવા વ્યક્તિના નામનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તો સૌ કોઇ અમને કૃપા કરી ક્ષમા આપે તેવી વિનંતિ છે.

સંદેશાઓના શબ્દો કરતાં તમારા સૌના મનના ભાવોથી અમે ધ્યાન કેન્દ્રના સૌ સાધક ભાઇબહેનો ખૂબ જ પ્રભાવિત થયા છીએ. પૂ. મા—પ્રભુની કૃપાથી જ આ મહોત્સવ સફળ થયો છે અને અમને જણાવતાં આનંદ થાય છે કે ટોરોન્ટોમાં આવો વિવિધતાભર્યો કાર્યક્રમ આજ-દીન સુધી થયો નથી.

પૂ. માના સાન્નિધ્યે અમને પ્રેરણા, હિંમત અને માર્ગદર્શન પૂરા પાડયાં તથા પૂ. માની ઉપસ્થિતિએ અમને સૌને કાર્યાન્વિત કર્યાં તે પૂ. માના ચરણોમાં પ્રણામ.

હે સર્વેશ્વરી, હે કરુણેશ્વરી,
ચરણે તારા સદા પ્રણામ.

## એક દીપ જલે

એક દીપ જલે અંતરમાં,
એની જ્યોત જગમાં જગવજે,
જે ભૂલે એનો ભેરુ થાજે,
આ ભવરણના ભવરંગમાં.......એક દીપ૦
માનવતાની મશાલ ધરજે,
સાચની સોબત સદા કરજે,
કરણી એવી કરજે જગમાં,
જશ તારો વાગે જંતરમાં.......એક દીપ૦
આ માયાનગરી છે ઓ મનવા,
લાલચ લાખ તને લલચાવે,
જોજે તારી નાવ ન ડુબે,
મિથ્યા મોહના સાગરમાં.......એક દીપ૦

— પ્રાગજી ડોસા

# MESSAGES

Office of The Mayor
Mel Lastman
City of North York

August 15, 1992

**A Message from Mayor Mel Lastman**

It is my pleasure to extend greetings and good wishes to all of you as you celebrate the 10th Anniversary of the Yogeshwar Dhyan Kendra.

Today will be a day of great reverence and rejoicing as family, friends, community and spiritual leaders join in both prayer and pageantry.

I would like to congratulate all the performers and organizers who have worked so hard to present the entertainment listed in your programme. I am very proud to see these types of activities taking place in our City.

Ours is a city of many diverse heritages and interesting people. This, in itself, is cause for celebration. But it is doubly rewarding to see you, the members of our Hindu community, taking such a longtime, leadership role in promoting the virtues and promise of multiculturalism in our City.

On behalf of all the citizens of the City of North York, I welcome you and wish you well on this important and happy occasion.

Cordially,

Mel I astman
Mayor

5100 Yonge Street, North York, Ontario M2N 5V7 (416) 2246157 Fax : (416) 2241941

# PAUL SUTHERLAND

## CITY OF NORTH YORK

MEMBER OF EXECUTIVE COMMITTEE

July 16, 1992

Mr. Dashrath Shah
251 Shaughnessy Boulevard
NORTH YORK, Ontario
M2J 1K5

Dear Mr. Dash Shah :

I am most grateful to you and the members of your organization for the cordial invitation to participate in the Grand Celebration of the 10th Anniversary of the Yogeshwar Dhyan Kendra. I regret, however, that I will be out of the country during this time and will not be able to attend.

It is important in any religion and culture that members can congregate together for special occasions such as this, to reinforce their beliefs and commitments to their religion, and to share with their friends and family the joy and satisfaction of adhering to one's faith.

May I wish everyone a successful and spiritually gratifying Celebration. Your program has quite a variety of events, from Prayer to entertainment, and I am sure it will be enjoyed by all.

May God be with you.

Sincerely,

Councillor Paul Sutherland,
Ward 14

North York City Hall, 5100 Yonge Street, North York, Ontario M2N 5V7 Tel : (416) 2246030 Fax : (416) 2241796

# OFFICE OF THE DIRECTOR

**North York**
**Board of Education**
**5050 Yonge Street**
**North York, Ontario**
**M2N 5N8**

7 AUGUST 1992

Dasharathlal H. Shah,
251 Shaughnessy Boulevard
Willowdale, Ontario
M2J 1K5

Dear Dasharathlal Shah :

Thank you for your invitation to attend the Grand Celebration of the 10th Anniversary of the Yogeshwar Dhyan Kendra on Saturday, 15 August 1992 at 2 p.m. at Downsview Secondary School. I have a previous commitment for that day. Please accept my sincere regrets at not being able to join you.

I am delighted that Les Luka and Jim Hutchison of the North York Board of Education have been of assistance in your pursuits of Education and Career Planning.

I wish you sincere best wishes and success in your celebration.

Sincerely,

Veronica Lacey
jk

The mission of the North York Board of Education is to empower every student to leam, to achieve success and to participate responsibly in a pluralistic, global society.

# ૧૫ મી ઓગસ્ટ–પૂ. શ્રીનો જન્મોત્સવ તથા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–ટોરોન્ટોનો દશાબ્દી મહોત્સવ

શ્રી સુરેશભાઇ શાહ–કેનેડા

વિશ્વમાં ત્રણ શ્રેણીના મહાપુરુષો હોય છે. (૧) જન્મથી મહાન. (૨) પૃથ્વી ઉપર શરીર ધારણ કરી પોતાના સંકલ્પબળથી પ્રયત્નો કરી મહાનતા મેળવનાર. (૩) સામયિકો, ચર્ચાપત્રો અને વાક્છટાના આધારે મહાન હોવાનો દંભ કરનાર. પૂ. શ્રી પ્રથમ કક્ષાના મહાપુરુષ હતા. તા. ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ ના રોજ સરોડામાં જન્મીને પૂર્વજન્મના અતિપ્રબળ સંસ્કારો તથા પોતાની કઠોર સાધના અને મા–જગદંબાની કૃપાથી આધ્યાત્મિક અનુભૂતિઓ તથા આત્મસાક્ષાત્કારનાં ઉન્નત શિખરો સર કર્યાં. ઇ. સ. ૧૯૮૧ માં પૂ. શ્રીની આજ્ઞા અને અનુમતિથી ટોરોન્ટો–કેનેડામાં શ્રી સુરેશભાઇએ શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનું બીજ રોપ્યું. કુદરતના ક્રમપ્રમાણે તથા પ્રકૃતિના નિયમાનુસાર કળીમાંથી ફૂલ થાય અને બીજમાંથી વૃક્ષ થાય તેમ ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિઓ વિકસતી રહી અને ૧૯૯૧ દસ વર્ષ પૂરાં થયાં પરિણામે શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રે ૧૫ મી ઓગસ્ટનો પવિત્ર દિવસ પોતાના ગુરુદેવના ૭૨ મા જન્મોત્સવ તથા દશાબ્દીમહોત્સવ તરીકે પૂ. માની ઉપસ્થિતિમાં ઉજવવાનું નક્કી કર્યું. યોગાનુયોગ આ દિવસ અમારી માતૃભૂમિ ભારતની આઝાદીનો, સ્વાતંત્ર્યદિન તથા શ્રીરામકૃષ્ણ દેવનો સમાધિદિન પણ છે. આ ઉત્સવની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મીનીસ્ટર ઓફ સીટીઝનશીપ અને પૂ. માને અતિથિવિશેષ રાખી, કરવામાં આવી.

તા. ૧૫ ઓગસ્ટ, શનિવારનું નયનરમ્ય પ્રભાત ઉગે છે, સૌના હૈયામાં હેત ઉભરાય છે, પ્રેમ અને ઉત્સાહથી થનગની રહેલાં ધ્યાનકેન્દ્રના બાળકો તથા ભાઇબહેનો સ્ટેજ ડેકોરેશન, હોલને સજાવવામાં, પુસ્તકોના વેચાણની વ્યવસ્થામાં, તેમ જ પૂ. શ્રીનું જન્મથી, દેહવિલય સુધીનું પ્રદર્શન યોજવામાં પરોવાઇ ગયાં છે. કાર્યક્રમ ડાઉન્સવ્યૂ સેકન્ડરી સ્કૂલના ઓડીટોરીયમમાં રાખવામાં આવ્યો છે. પૂ. મા બરાબર ૨–૦૦ વાગે હોલના મુખ્યદ્વાર ઉપર યજમાનના સુપુત્ર વિકાસ તથા ધર્મપત્ની વિમળાબેન સાથે પધારે છે–મુખ્યદ્વાર ઉપર ખૂબ જ પ્રસન્ન, સફેદ વસ્ત્રોમાં શોભતા પૂ. મા તથા પ્રભુનું અભિવાદન શ્રી અશોકભાઇ પાઠક કરે છે. અને નાનાં મોટાં બાળકો રંગબેરંગી પોષાકમાં મુખ્યદ્વારથી ઓડીટોરીયમ સુધી "યોગેશ્વર પ્રભુ શતપ્રણામ હો, મા સર્વેશ્વરી શતવંદન હો"ના શબ્દોચ્ચારથી વાતાવરણને ભરી દે છે. તેમાં વિશેષ ભાવો, ન્યુજર્સીથી પધારેલા શ્રી ધનજીભાઇ સુતરીયા પોતાના સુરીલા બુલંદ કંઠથી સૌરાષ્ટ્રની ભાષામાં દોહા લલકારી, ભરે છે. કાર્યક્રમને સારી રીતે નિહાળી શકાય તેમ જ કાર્યક્રમ કરનારા બાળકોને પૂ. માને સન્મુખ જોઇ પ્રેરણા તેમ જ પ્રોત્સાહન મળે તે આશયથી પૂ. મા પ્રથમ હરોળમાં ખાસ તૈયાર કરેલી બેઠક ઉપર બિરાજે છે. હોલમાં આવનાર દરેક વ્યક્તિને પૂ. શ્રીનો બીલ્લો આપવામાં આવે છે તથા પૂ. શ્રીનો પરિચય આપતી પુસ્તિકા આપવામાં આવે છે. ઓડીટોરીયમની પ્રથમની ચાર હરોળ ખાસ આમંત્રિતો માટે રાખવામાં આવેલી છે.

સમગ્ર કાર્યક્રમની રજૂઆત જુદી જુદી તથા કાર્યક્રમનું સંચાલન શ્રી સુરેશભાઇ શાહ પૂ. માની આજ્ઞાથી કરે છે.

જુદાં જુદાં બેનરો, મા–પ્રભુના નામનાં રંગ-બેરંગી બલૂનો, ભારતના રાષ્ટ્રધ્વજો, ગુજરાતનો નકશો, જેમાં પૂ. મા તથા પ્રભુના જન્મસ્થળો દર્શાવવામાં આવેલ છે, પૂ. શ્રીના પૂરા કદનાં બે સ્વરૂપો, રામકૃષ્ણદેવ અને શારદામાની તસ્વીરો તથા છત્રીઆકારે પુષ્પથી શણગારેલું પૂ. શ્રી માટેનું છત્ર અને પૂ. માની સ્ટેજ ઉપરની બેઠક, સૌ કોઇનું ધ્યાન ખેંચે છે. નયનરમ્ય સજાવટ અને સુશોભન–કળાની કારીગીરીથી શણગારાએલું સ્ટેજ પ્રસંશા માંગી લે છે. આ સમગ્ર કામગીરીનો યશ શ્રી ડાહ્યાભાઇ લાડ, નરેન્દ્રભાઇ મિસ્રી, જગુભાઇ મિસ્રી તથા કિશોરવલ્લભના પરિવારને જાય છે. ધન્ય છે તેમની મહેનત, કુનેહ અને પ્રેમભાવને.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મંગલદીપ પ્રકટાવીને ભારતથી પધારેલા પૂ. શ્રીના અનન્ય ભક્ત શ્રી મોહનભાઇ તથા પૂ. શ્રીને અર્ચન કરી શ્રીમતી સુશીલાબેન, શ્રી અશોકભાઇ પાઠકના સ્વસ્તિ-વચનો તથા શ્લોકોક્તિ સાથે કરે છે. થોડા સમય માટે અમને સૌને કપુરાનું એ તીર્થસ્થળ યાદ આવી જાય છે. ત્યારબાદ કુ. ફોરમ શાહ "ઓ કેનેડા,"ના શબ્દોવાળું કેનેડાનું રાષ્ટ્રગીત ગાય છે. ખીચોખીચ ભરાઇ ગએલા હોલમાં સૌ ઊભા થઇ જાય છે, ત્યારે ઘડીભર એમ લાગે છે કે આવી જ શિસ્ત રોજીંદા જીવન વ્યવહારમાં આવી જાય તો કેવું સારું! કેનેડામાં અમે અર્થોપાર્જન કરીએ એટલે કર્મભૂમિ કહેવાય, પણ મૂળ અમે સૌ ભારતના તેથી ૧૫ મી ઓગસ્ટે, વંદેમાતરમ્ પણ ગવાય છે. સુશીલાબેન કે જેમને જુદી જુદી ૧૫ ભાષામાં રાષ્ટ્રગીત ગાવા માટે રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો છે તેઓ પોતાના સુરીલા કંઠમાં રાષ્ટ્રગીત ગવડાવે છે જાણે કે થોડા સમય માટે કેનેડામાં ભારત રચાય છે.

શ્રી સુરેશભાઇ ટોરોન્ટોમાં રહેતા શ્રી દીપકભાઇ પરીખ અને દક્ષાબેન પરીખને અંજલિ આપતાં જણાવે છે કે ઇ. સ. ૧૯૮૧ માં પ્રથમ સત્સંગ તેમના નિવાસસ્થાને થયો હતો. અને ઉમેર્યું હતું કે બંને સભ્યો સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સારો રસ ધરાવે છે.

ત્યારપછી શ્રીમતી દામિનીબેન શાહના દિગ્દર્શન નીચે કુ. રીના લાડ "મારા દિલડાના મહાદેવ"વાળું પૂ. માનું ભક્તિગીત, પ્રાર્થનારૂપે ગાય છે. પોતાના મનના ભાવો આ પ્રાર્થનામાં તેઓ ખૂબ જ સુંદરરીતે રજૂ કરે છે. પ્રાર્થના હૃદયના શુદ્ધભાવોને રજૂ કરવાનું ભક્તનું ભગ-વાન માટેનું અમોઘ સાધન છે તેની પ્રતીતિ થાય છે. પૂ. શ્રીએ પ્રાર્થના દ્વારા જ મા જગદંબાને ઉપાસ્યાં અને મેળવ્યાંને!

વચ્ચે વચ્ચે પૂ. શ્રીના પુસ્તકો તેમ જ પૂ. માના ભજનોની ઓડિયો કેસેટ વેચાણમાં મૂકી છે તેની પણ જનતાને જાણ કરવામાં આવે છે. સાથે સાથે દેશ વિદેશમાંથી આવેલા સંદેશાઓનું વાંચન પણ કરવામાં આવે છે. અને ગુજરાતી ના સમજ-નારા પ્રેક્ષકોના લાભાર્થે અંગ્રેજીમાં અનુવાદ કરી પ્રવૃત્તિનો ખ્યાલ આપવામાં આવે છે જેથી ગુજ-રાતી નહીં જાણનારા પ્રેક્ષકોનો રસ જળવાઇ રહે.

ત્યારબાદ ઓટાવાથી શ્રી નંદુભાઇ પટેલનાં સુપુત્રી અનીતા તરફથી ખૂબ જ પ્રચલિત ગીત "યશોમતિ મૈયાસે બોલે નંદલાલા, રાધા ક્યું ગોરી, મૈં ક્યું કાલા"–સુંદર અભિનય સાથે રજૂ થાય છે. હાર્મોનિયમના સૂર પૂરાવે છે શ્રી અજીતભાઇ પાઠક–સુંદર અભિનયથી પ્રભાવિત થઇને પ્રેક્ષકો તરફથી 'વન્સમોર'ની કરવામાં આવે છે, પણ સમયને લક્ષમાં લેતાં તેઓની લાગણી અને

માગણીને માન આપી શકાતું નથી. પછીના કાર્યક્રમમાં ઓટાવાથી ક્ષીપ્રાબેન હેમંતભાઇ અમીન તરફથી ભારત નાટયમ્–દક્ષિણ ભારતની ખૂબ જ પ્રચલિત નૃત્યકળાને કલાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. અને ધ્યાનકેન્દ્રના બાળકોનો રંગબેરંગી પોષાકમાં શ્રીમતી ગીતાબેન શાહના દિગ્દર્શન નીચે રજૂ થતો રાસ–"કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા"–આબેહૂબ રીતે સૌને ભારતનું દર્શન અને ગોકુળ–વૃંદાવનની યાદ તાજી કરાવી જાય છે. ધન્ય છે એ બાળકોના સુંદર અભિનયને અને દિગ્દર્શકની મહેનતને !

ભારતીય પોષાકમાં ધ્યાન કેન્દ્રની બહેનો તરફથી રજૂ થતો અને શ્રીમતી જ્યોત્સ્નાબેન શાહના દિગ્દર્શન નીચે તૈયાર થએલો ગરબો પણ પ્રેક્ષકોની સારી એવી પ્રશંસા પામે છે. વચ્ચે વચ્ચે સંદેશાવાંચન થાય છે અને પ્રાસંગિક જાહેરાતો થાય છે. લગભગ અઢી કલાકના કાર્યક્રમમાં સૌ ઓતપ્રોત બની ધ્યાનપૂર્વક આ કાર્યક્રમની વિવિધતાને માણે છે. આ વખતે જ મીનીસ્ટ્રી ઓફ્ સીટીઝનશીપના આમંત્રિત મહેમાનોનું આગમન થાય છે અને હોલ તાળીઓના ગડ- ગડાટથી તેમને વધાવી લે છે.

પ્રસંગને અનુરૂપ શ્રી રામકૃષ્ણદેવનું સગુણ અને નિર્ગુણ આકારમાં પ્રભુ રહેલા છે તેનો ખ્યાલ આપતું નાટક અંગ્રેજીમાં ભજવવામાં આવે છે. જેથી પ્રેક્ષકોનો રસ એકસરખો જળવાઇ રહે છે. રામકૃષ્ણદેવ પૂ. શ્રીનો અગાઉનો જન્મ હતો તેની સમજણ આપી નાટક રજૂ થાય છે. નાટકને તૈયાર કરનાર જીગર તલાટી ફક્ત ૧૮ વર્ષનો બાળક છે. ખૂબ જ સુંદર ભાષામાં, રામકૃષ્ણદેવના પોષાકને ન્યાય આપીને ચિત્તાકર્ષક અભિનય કરે છે. પિન્ટુ શાહ અને હિતેશ લાડ રામકૃષ્ણદેવના બંને અનુયાયીઓ છે. એક સગુણ ઈશ્વરના રૂપમાં માને છે જ્યારે બીજો નિર્ગુણ ઈશ્વરમાં. શ્રી રામકૃષ્ણદેવ બંનેના ઝગડાનું સમાધાન આપતાં જણાવે છે કે પાણી વહેતું હોય ત્યારે તેને કદ કે આકાર નથી હોતાં પણ તેજ પાણીનો બરફ કરવામાં આવે તો તે જે બીબામાં ઢાળવામાં આવે તેનું સ્વરૂપ લે છે પણ હકીકતમાં તો તે વહેતું આકાર વિનાનું જ પાણી છે–બંનેના મનનું સમાધાન થાય છે અને રામકૃષ્ણદેવ સમાધિસ્થ થઇ જાય છે–જીગરના અભિનયની અહીં પરાકાષ્ટા આવે છે. શ્રી રામકૃષ્ણદેવનું નાટક પ્રેક્ષકોને બુદ્ધિની તળેટીથી શ્રદ્ધાના શિખર ઉપર લઇ જાય છે.

હવે ઓન્ટેરીઓ સ્ટેટના મીનીસ્ટર ઓફ સીટીઝનશીપ માનનીય ઈલેઈન ઝીમ્બા (Elaine Ziemba) પોતાના અંગત રોકાણને કારણે પધારી શકતા નથી પરંતુ તેમની કચેરીના મુખ્ય કાર્યકર્તાને મોકલી પોતાનો શુભેચ્છા સંદેશ મોકલાવે છે. તેમની સાથે અન્ય આમંત્રિતોનું પણ સ્વાગત ધ્યાનકેન્દ્ર તરફથી પૂ. મા કરે છે અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ બૂટ કાઢીને, પૂ. માને પ્રણામ કરીને પુષ્પનો ગુચ્છ આપવામાં આવે છે. પૂ. મા તેમને યોગેશ્વર ધ્યાનકેન્દ્ર તરફથી તૈયાર કરેલ "પ્લેક" Essence of Geeta, A Search in Secret India by Paut Brunton, Golden Days with MAA તથા પ્રસાદ આશીર્વાદ સાથે આપે છે. સૌ બે હાથ જોડી (નમ્ર) પ્રણામ કરી સ્વીકારે છે. પૂ. માનો આગ્રહ હતો કે વિદેશની રીત પ્રમાણે પૂ. મા કોઈ સાથે હસ્તધૂનન નહીં કરે અને ભારતીય પ્રણાલિકા પ્રમાણે જ સંત સાથે વ્યવહાર કરવો ઉચિત લાગે, તે બંને હકિકતોને લક્ષ્યમાં લઇ કાર્યક્રમના સંચાલકે મહેમાનોને વિનંતિ કરી હતી.

શ્રી દશરથભાઇ શાહે પોતાના વક્તવ્યમાં સૌની ઓળખાણ આપતાં જણાવ્યું હતું કે આ **મહોત્સવનું આયોજન**, પૂ. શ્રીની સાધના અને પૂ.

શ્રીના પુસ્તકોનો જાહેરજનતાને પરિચય કરાવી લાભ આપવા, પૂ. માની સાધના વિષે ટોરોન્ટોની જનતાને ખ્યાલ આપવા તથા ગુરુભક્તિ સમજાવવા, ગુજરાતી ભાષા આપણાં બાળકો લખતાં વાંચતાં, બોલતાં શીખે તેનો માતાપિતાએ આગ્રહ રાખવા તેમ જ મલ્ટીકલ્ચરલ કાર્યક્રમ યોજી ધ્યાનકેન્દ્રની વિશાળ પ્રવૃત્તિ જે દસ વર્ષથી ટોરોન્ટોમાં ચાલે છે, તેની સૌને જાણ કરવી તે માટે છે.

જેઓને પૂ. માના આશીર્વાદ મળ્યા તે મહેમાનોની યાદી નીચે પ્રમાણે છેઃ–

**(૧) મી. ગ્લેન કોર્ટ**–ઓન્ટેરીઓ સીટીઝનશીપની કચેરીમાં જવાબદારીભર્યું સ્થાન ધરાવે છે. પોતે સોશ્યલ વર્કર છે અને મલ્ટીકલ્ચરલ કાર્યક્રમનો પોર્ટફોલીઓ (વિભાગ) સંભાળે છે. તેઓ ખૂબ જ સેવાભાવી અને દરેકને મદદરૂપ થવાની ભાવના ધરાવે છે.

**(૨) શ્રી સુરેન્દ્રસીંગ ગીલ**–ઓન્ટેરીઓ સીટીઝનશીપની કચેરીમાં ગ્લેનકોર્ટના સહકાર્યકર્તા છે, કોમ્યુનીટી વર્કર છે. પોતે યુવાનો, મહિલાઓ અને તેને લગતા વર્કશોપ અને કોન્ફરન્સનો હવાલો સંભાળે છે. પોતે ભારતના હોવાથી પૂ. માને સવિશેષ આદરભાવથી જુએ છે, સમજી શકે છે.

**(૩) શ્રી અજીતભાઇ જૈન**–"ઇન્ડીઆ એબ્રોડ"નામના ન્યુઝપેપરનું કાર્ય કરે છે સારાં એવાં પુસ્તકો પોતે લખ્યાં છે અને ભારતના સ્વતંત્ર સેનાની છે. તેઓએ પોતાના ન્યુઝપેપરમાં યોગેશ્વર ધ્યાન કેન્દ્રના કાર્યક્રમની માહિતી આપી છે. જે સાચે જ જનતાને સાચી સમજ તથા વિગત આપે છે.

**(૪) આઇરીન–પેનગેલી**–નોર્થયોર્ક બોર્ડ ઓફ એજ્યુકેશન તરફથી આવેલા પ્રતિનિધિ છે. પૂ. માના ૩૦૦૦ ઉપરાંતના ઉપવાસોથી ખૂબ જ પ્રભાવિત થાય છે તથા આશ્ચર્ય વ્યક્ત કરે છે.

**(૫) ડો. આઇનેસ એલેસ્ટન**–સામાજીક કાર્યકર, યુવાનોના પ્રશ્નોને સારી રીતે સમજી સંતોષકારક ઉકેલ લાવી શકે છે, અને મોટાભાગની કોમ્યુનીટીનું સારું જ્ઞાન ધરાવે છે.

**(૬) અર્ગ કેમ્બલ**–તેમનાં કાર્યો તેમના શબ્દો કરતાં વધારે બોલે છે. સ્કારબરો બોર્ડ ઓફ એજ્યુકેશનના પ્રતિનિધિ છે.

પરિચય, પ્રણામ અને "પ્લેક"ની અર્પણવિધિ પછી વળી પાછી ૧૫ મી ઓગસ્ટ–આઝાદીના દિનની યાદ અપાવતું, આઝાદી ગીત સ્ટેજ ઉપરથી સુશીલાબેન પાસેથી પ્રેક્ષકોને સાંભળવા મળે છે. સુમધુર કંઠે, વાજીંત્રો સાથે ગવાતા ગીતને સાંભળી સૌ ડોલી ઉઠે છે. ગીતના શબ્દો છે–(પૂ. શ્રી યોગેશ્વરજીની રચના) (પુસ્તક હિમાલય અમારો).

"સૌથી પ્યારી છે આઝાદી,
સૌથી છે પ્યારી આઝાદી,
એને કાજે અમે જિંદગી સદા રહ્યા ધારી,
સૌથી પ્યારી છે આઝાદી."

અને હવે સ્ટેજ ઉપર રજુ થાય છે–પૂ. શ્રીનું ત્રિઅંકી નાટક–કે જેની પ્રેક્ષકો તથા પૂ. મા ખૂબ ઉત્સુકતાથી રાહ જોતાં હતાં તે. શરૂઆતમાં શ્રી ધનજીભાઇ સુતરીયા શંખના ધ્વનિ સાથે સોરઠી-ભાષામાં પૂ. શ્રીના જન્મસમયના વર્ણનના તથા સાધના અને સિદ્ધિઓનું વર્ણ કરતાં દોહા લલકારે છે તેના તાલ અને ધ્વનિથી સમગ્ર વાતાવરણ ભરાઇ જાય છે. ત્યારબાદ યોગેશ્વર ધ્યાનકેન્દ્રના બાળકો શ્રી અજીતભાઇ પાઠક અને શ્રી મનોરમાબેનના દિગ્દર્શન નીચે ત્રિઅંકી નાટક લગભગ ૭૦ મિનિટનું પ્રેક્ષકો સામે રજૂ કરે છે. જન્મથી માંડીને પૂ. મા યોગેશ્વરજીનાં આધ્યાત્મિક

વારસદાર બને છે તે સમગ્ર હકીકતો બાળકોના વક્તવ્ય, અભિનય, વેશભૂષા, સેટીંગ્સ તથા કુદરતી પ્રસંગોને આવરી લેતાં સ્ટેજ ઉપર ભજવાય છે. ગુજરાતી ભાષામાં ભજવાતું આ નાટક-ટોરોન્ટોની જનતા ઉપર સરસ છાપ ઉપજાવે છે. ટાંકણી પડે તો પણ તેનો અવાજ સંભળાય તેવી નીરવ શાંતિમાં ભજવાતું નાટક યોગેશ્વરજીને ભજવતાં બાળકો ધન્ય બને છે. આપણે ઇચ્છીએ કે ભાગ લેનારા બાળકોમાં આવા સદ્‌ગુણોનું સિંચન થાય. તેઓ વ્યસનમુક્ત રહી, પવિત્ર જીવન જીવે અને પોતાના પથપ્રદર્શક બને અને સ્ટેજ ઉપર ભજવાએલું નાટક તેમના જીવનની હકીકત બને. (નાટકનો સવિસ્તાર લેખ આજ અંકમાં મૂક્યો છે તે વાંચવા વિનંતિ છે.)

નાટકમાં અને સમગ્ર કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને-ધ્યાનકેન્દ્રના સભ્યોના પરિવારદીઠ પૂ. મા પ્રભુના ફોટા સાથે દશાબ્દી મહોત્સવ નિમિત્તે પ્લેક પૂ. મા દ્વારા આપવામાં આવે છે જેમાં વિદેશથી આવેલા પચ્ચીસ જેટલા મહેમાનોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

ગીતાબેન શાહ દ્વારા તૈયાર કરાએલું, હિમાલયને બેકગ્રાઉન્ડમાં રાખીને ધ્યાનકેન્દ્રના તમામ બાળકો "જયભારતખંડ"નું સમૂહગીત ગાય છે. યાસ્મિન મિસ્ત્રી અને નિલમ મિસ્ત્રી નૃત્યદ્વારા પોતાના ભાવોને રજૂ કરે છે. પછી ન્યુજર્સીથી પધારેલા શ્રી વિનોદભાઇની ત્રણ પુત્રીઓ પ્રેરણા, ભારવી અને મનીષા. સુશીલા- બેનના દિગ્દર્શન હેઠળ "આરતી-ઝગમગ ઝગી" હાથમાં કોડિયાં સાથે પ્રભુને અર્ઘ્ય આપતાં હોય તેમ પ્રભુની આરતી ઉતારે છે.

પ્રેક્ષકો સાથે પ્રથમ હરોળમાં બેઠેલાં પૂ. મા સ્ટેજ ઉપર પધારે છે ત્યારે. ત્યારબાદ કેલિફોર્નીયાથી આવેલા પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્રના સત્સંગી શ્રી રમેશભાઇ તલાટી અને રંજનબેન પૂ. શ્રીનું તેમ જ પૂ. માનું પુષ્પહાર તથા ચંદનના તિલકથી પૂજન કરે છે. પોતાના લગ્નજીવનની પચ્ચીસવર્ષની રજતજયંતિ પૂ. માના સાન્નિધ્યમાં ઉજવે છે-ધન્ય છે તેમની ભાવનાને અને ભક્તિને. મા-પ્રભુના આશીર્વાદ મેળવી તેઓ કૃતાર્થ થાય છે.

શ્રી સુરેશભાઇ મુખ્ય પ્રવક્તા તરીકે પૂ. શ્રીનો પરિચય આપતાં જણાવે છે કે પૂ. શ્રીએ પોતાના આત્માને જ ગુરુ તરીકે સ્વીકારી પરમાત્મ પ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ કર્યું, સ્ત્રી માત્રમાં મા જગદંબાનું દર્શન કરતા હતા, આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા, પોતે અનન્ય માતૃભક્ત, પૂ. માતાજીને સાધના કાળથી જીવનના અંત સુધી પોતાની સાથે પ્રેમથી રાખ્યાં અને સેવા કરી, સાચા દેશભક્ત, ખાદીનાં કપડાં ધારણ કર્યાં અને ગાંધીશતાબ્દી દરમ્યાન ગાંધીજીના જીવનના પ્રસંગોની ગૂંથણી કરી "ગાંધી ગૌરવ"નામે મહાકાવ્ય લખ્યું. પોતે સતત ઈશ્વરના સાન્નિધ્યમાં રહેતા અને મા જગદંબાના પરમ ઉપાસક રહ્યા. પોતે રામાયણ, મહાભારત, ઉપનિષદ્‌, ગીતા વગેરે વિષયો ઉપર લગભગ સો પુસ્તકો લખ્યાં. સર્વધર્મો પ્રત્યે સદ્‌ભાવના તથા સર્વધર્મ પ્રત્યે સરખો પ્રેમ ધરાવનાર સંતપુરુષ ભક્તિયોગ તરફ મીટ માંડનાર ભક્તોના પ્રેરણાદાતા રહ્યા અને ભારતીય સંસ્કૃતિનો પોતાના પ્રવચનો, પુસ્તકો અને સંભાષણો દ્વારા દેશ વિદેશમાં પ્રચાર કર્યો અને સૌથી વિશેષ તો એ મુક્તપુરુષે પૂ. મા સર્વેશ્વરીને પ્રકટાવી સમાજને મોટી ભેટ ધરી-

અને પૂ. મા વિષે ટૂંકમાં વર્ણન કરતાં જણાવે છે કે જેમ દિપકથી જ્યોતિ જુદી ના થઇ શકે, સૂર્યથી ગરમી, ચંદ્રથી શીતળતા, સાગરથી ભરતી અને પુષ્પથી સુગંધ વૃક્ષથી તેની છાયા અને હિમાલયથી હિમ તેમ પૂ. માને પ્રભુથી જુદા કલ્પી

ના જ શકાય. પૂ. શ્રી પૂ. મા માં સમાઇ ગયા છે. તેમની શક્તિથી પૂ. મા બધાં કાર્યો કરી શકે છે. 3000 દિવસ ઉપરાંતના અન્નવિનાના ઉપવાસો એ ભલે શરીર નબળું બનાવ્યું હોય પણ આત્માને પોલાદી બનાવ્યો છે.

ત્યારબાદ શ્રી સુરેશભાઇ ધ્યાનકેન્દ્ર—ટોરોન્ટો તરફથી પૂ. માને પિત્તળના પતરા ઉપર, પૂ. શ્રીના હસ્તાક્ષરોવાળી પ્રતિકૃતિ અર્પણ કરે છે અને પોતાનો સંતોષ વ્યક્ત કરે છે. પૂ. મા સહર્ષ સ્વીકાર કરે છે. પોતાના વક્તવ્ય પહેલાં પૂ. મા પૂ. શ્રીને પ્રણામ કરે છે. આજે પૂ. માને નિર્જળા ઉપવાસ છે છતાં મા બુલંદ અવાજે પ્રેક્ષકોને જણાવે છે કે—

## * પૂ. માનું વક્તવ્ય *

**પૂ. માને નિર્જળા ઉપવાસ છે.**

"હું તો વંદન કરું યોગેશ્વર નાથ,
સિદ્ધ સમર્થ સ્વામીને આજ.
સંતજનની મા જ્યોતિર્મયીને,
વંદન હજારો વ્હાલ ધરીને.
પવિત્ર ગોદમહીં, પ્રગટી છે જ્યોત અહીં,
જગ જનની માત બની."...હું તો વંદન કરું૦

આજે પવિત્ર ઐતિહાસિક દિવસ છે. આપણે માટે ભારતની આઝાદીનો દિવસ છે. સૌને આઝાદી પ્યારી છે. કીડીથી માંડીને હાથી સુધી સૌ કોઇ આઝાદી ઝંખે છે. ગાંધીજી જેવા મહાપુરુષ, યુગપુરુષનું પ્રાગટ્ય થયું અને એ મહાપુરુષે પ્રાર્થના, અહિંસા અને સત્યાગ્રહના સાધનો દ્વારા ભારતદેશને ગુલામીની જંજીરમાંથી આઝાદ કર્યો. પૂ. મા આઝાદી અપાવનાર ભારતમાતાના એ લાડકવાયા શહીદોને પ્રેમપૂર્વક અંજલિ આપે છે. અને ભાવનાથી વંદન કરે છે.

ભારતમાંથી આવેલા આપણે ભલે વિદેશમાં સ્થિર થયા પણ આપણી માતૃભૂમિનું ગૌરવ જાળવી રાખીએ અને તેની યાદ રહે માટે આજે આપણે ભેગા થયા છીએ. સાથે સાથે આજે પંદરમી ઓગસ્ટના રોજ ગુજરાતના નાનકડા ગામ સરોડામાં એક નાનકડો બાળક પ્રગટ થયો અને તેણે સૌને 'પ્રકાશનો પંથ' બતાવ્યો. તે માટે આજનો દિવસ અગત્યનો છે. મહાપુરુષના જન્મદિવસને પ્રાકટ્યદિન અથવા પ્રાદુર્ભાવનો દિવસ કહેવામાં આવે છે અને આ મહાપુરુષ પોતાના જીવન દ્વારા આપણને શીખવે છે કે તમે પણ તમારા રોજીંદા જીવનમાં સુગંધ ભરો જેથી અનેકનાં જીવન સુગંધિત બને. આપણને ઈશ્વરે જે ભેટ આપી છે. જીવન નામની, એ જીવન જીવવા જેવું છે, અને એ જીવનમાં રહીને પૂર્ણતાને પામવાના પ્રામાણિક પ્રયત્નો કરવાના છે. જીવનમાં સદ્‌ગુણોની સુવાસ પ્રગટાવવાની છે અને બીજાના જીવનમાં પ્રસરાવવાની છે. જીવન એક જ્યોતિ જેવું છે, માટે આપણે પ્રકાશિત થઇએ અને બીજાને પણ પ્રકાશ ધરીએ. જીવન એક નદી જેવું છે, વહેતી સરિતા જેવું છે, પાણીથી સંપન્ન થઇએ. જીવનરૂપી સરિતાના જળથી કોઇક પરબડી બની જઇએ. અને કોઇકની પ્યાસ બુઝાવીએ તો આપણું જીવન ધન્ય બને. સંતો આપણને યાદ કરાવવા આવે છે કે તું પૃથ્વી ઉપર શા માટે આવ્યો? શું કરવા માટે આવ્યો? જીવનમાં સુખ, એશઆરામ, મોજશોખ અને શારીરિક સુખોને ફક્ત ભોગવવા એ જીવનનું ધ્યેય નથી, પણ ભારતીય સંસ્કૃતિ જે આપણી ગળથુથીમાં વણાઇ ગએલી છે. તે લક્ષમાં રાખી આપણે સત્સંગ, સદ્‌વિચારો અને સદ્વર્તન તથા આપણો ભારતીય પોષાક અને આપણી માતૃભાષાને સતત સ્મરણમાં રાખવાં જોઇએ. કેનેડામાં રહી થોડા ડોલર કમાવવા તથા પરિશ્રમના જીવનનું આંધળું અનુકરણ કરી આપણી જાજ્વલ્યમાન સંસ્કૃતિ અને સંસ્કારના વારસાને નષ્ટપ્રાયઃ કરવો તેના જેવી જીવનની બીજી કોઇ કરુણતા નથી! તેને

માટે કોઈ દંડ નથી! ભારતમાં જે સારી વસ્તુઓ અને વિશેષતાઓ છે તેને આપણા જીવનમાં વણી લેવી જોઈએ. આપણાં બાળકોને ભારતવિષે, ભારતના જીવન વિષે સાચો ખ્યાલ અને સમજણ આપવાં જોઈએ જેથી બાળકો ભારતથી વિમુખ ના બની જાય. મહાન ઋષિમુનિઓના આપણે સંતાનો છીએ અને રામાયણ અને મહાભારત આપણા દિવ્ય ગ્રંથો છે. તેની પણ સમજ બાળકોમાં નાનપણથી જ કેળવવી જોઈએ. બાળકોને ભારતની યાત્રા કરાવો, તીર્થસ્થળો અને તીર્થસ્થાનોમાં લઈ જઈ તેનું મહત્ત્વ સમજાવો રોજીંદા વ્યાવસાયિક જીવનમાંથી બાળકોના ઉછેર અને ચારિત્ર્ય ઘડતર માટે સમય કાઢો, નહીં તો આ વિદેશમાં ઉછરતાં બાળકો મોટી ઉંમરમાં તમને માનસિક આઘાત પહોંચાડશે.

ત્રણ ચાર વર્ષથી કેનેડામાં આવી પૂજ્ય માએ ધ્યાન કેન્દ્રના બાળકોને પ્રાર્થના, શાકાહારી ભોજન, નિર્વ્યસની જીવન તથા સારાં પુસ્તકોનું વાંચન અને વડીલોને આદર આપવાની જે વાત શીખવાડી છે તેથી બાળકોના જીવનમાં નવો વળાંક આવ્યો છે અને પોતાના સુસંસ્કારોથી પોતાના પરિવારમાં અને ટોરોન્ટોના સામાજીક જીવનમાં પોતાની આગવી પ્રતિભા ઉપસાવી શક્યા છે. તેનો પૂ. મા સંતોષ સાથે ઉલ્લેખ કરે છે. સંસ્કારોનું સિંચન બાળપણથી જ થવું જોઈએ. પૂ. મા ભારપૂર્વક હાજર રહેલા પ્રેક્ષકગણને જણાવે છે કે આજથી ૧૫ ઓગસ્ટ ભારતની સ્વતંત્રતાના દિવસે સૌ નક્કી કરો કે આપણી માતૃભાષામાં જ આપણા બાળકો સાથે આપણે વાતચીત કરીશું. કારણ તે આપણું ગૌરવ છે અને સાચું ધન છે. આપણી જન્મભૂમિનું તેથી આપણને સતત સ્મરણ રહે છે.

૧૯૭૧ માં પૂ. શ્રીનો અમને (પૂ. માને પરિચય થયો અને તેમનાં પ્રવચનો સાંભળ્યાં. ખાદીનો સાદગીભર્યો વેશ, પોતાની માતાને સાથે રાખવાના સંસ્કારો અમને સ્પર્શી ગયા. 'પૂ. યોગેશ્વર' ત્રિઅંકી નાટકનો ઉલ્લેખ કરતાં પૂ. મા જણાવે છે કે નાટકને જોતાં અમને સરોડા, હિમાલય અને ભારત યાદ આવી ગયાં. મનમાં થયું કે "આવો સુંદર અભિનય કરનારાં બાળકોને સ્ટેજ ઉપર જઈને ઊંચકી લઉં," નાટકના દિગ્દર્શક અજીતભાઈ પાઠક તથા મનોરમાબેનની મહેનત, કુશળતા, ખંત અને ઉત્સાહ તથા ચીવટને બિરદાવતાં પૂ. મા, તેમને પ્રભુના કાર્ય કરવા લાંબુ જીવન આપે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે. પૂ. શ્રીનો ઉલ્લેખ કરતાં પૂ. મા જણાવે છે કે આ મહાપુરુષે અમારા જીવનની કાયાપલટ કરી. હમણાં જ દશરથાચલની યાત્રા પોતે કરી આવ્યાનો પણ પૂ. મા ઉલ્લેખ કરે છે.

દસ વર્ષ પહેલાં પૂ. શ્રીએ પ્રકટાવેલ દીપમાંથી, વિશ્વજ્યોતનું આજે દર્શન થાય છે તેનું સ્મરણ કરી પૂ. યોગેશ્વર ધ્યાન કેન્દ્રની ૧૯૮૧ માં થએલી સ્થાપના અને આજે ઉજવાતા દશાબ્દી મહોત્સવને લક્ષમાં લેતાં જણાવે છે કે કોઈપણ ઈમારતનો આધાર તેના પાયા ઉપર છે. પૂ. શ્રીએ દસ વર્ષ પહેલાં પ્રકટાવેલી નાનકડી જ્યોતને, જતન કરી જલતી રાખી, પથપ્રદર્શક બનાવી તથા પૂ. શ્રીએ વાવેલા બીજને, માવજત કરી વટવૃક્ષમાં પરિવર્તિત કરનારા પાયાના પત્થર શ્રી સુરેશભાઈ છે તેમ જણાવી પૂ. મા તેમને બિરદાવે છે અને ધન્યવાદ આપે છે. પૂ. શ્રી પોતાના કાર્યમાં સૌ કોઈને નિમિત્ત બનાવે છે. તેની યાદ આપતાં શ્રી અશોકભાઈ પાઠકના ધર્મોપયોગી કાર્યોને પૂ. મા વખાણે છે અને દશરથભાઈ શાહની ગુજરાતી ભાષાની પ્રવૃત્તિને પણ બીરદાવે છે. અને રાજુભાઈને પણ સુરેશભાઈને બોલાવવામાં નિમિત્ત થવા માટે ધન્યવાદ આપે છે.

અંતમાં પૂ. મા જણાવે છે કે મહાપુરુષના પ્રાકટ્યદિન એટલા માટે ઉજવીએ છીએ કે તેમના જીવનમાંથી આપણને જીવન જીવવાની સૂઝ મળે છે, માર્ગદર્શન મળે છે અને નવું જોમ, ઉત્સાહ અને પ્રેરણા મળે છે. પૂ. મા ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી સુરેશભાઈને આશીર્વાદ સાથે પૂ. શ્રીની જુદી જુદી અવસ્થાના ફોટા સાથે હસ્તલિખિત પ્રતિકૃતિ આપે છે તથા જીવનરથ બે પૈડાથી ચાલે છે તેમ જણાવી તેમનાં ધર્મપત્ની વિમળાબેનને સફેદશાલ આપે છે.

પોતાના સદ્‌ગુરુ પાસેથી શું મળ્યું તે જણાવતાં પૂ. મા ભાવવિભોર દશામાં ગાય છે–

શું રે મળ્યું મને શું રે મળ્યું?
સદ્‌ગુરુ પાસે મને શું રે મળ્યું.
સંત સાંનિધ્ય સહેજે મળી ગયું,
દુઃખ દળદર તો કાયમ ટળ્યું. સદ્‌ગુરુ૦
પરમાનંદના પ્યાલા પીવડાવ્યા,
તાપ ત્રિવિધ ત્યાં પલટાયા. સદ્‌ગુરુ૦
હુંફાળી ગોદ ધરી વ્હાલ વરસાવ્યું,
છત્ર પિતાનું સિરપર ધર્યું. સદ્‌ગુરુ૦
જીવનવન નંદનવન કીધું,
વસંતનું સૌભાગ્ય ઠર્યું. સદ્‌ગુરુ૦
દેવોના દેવનું દર્શન દીધું,
જન્મો જનમનું સ્વપ્ન ફળ્યું. સદ્‌ગુરુ૦
શ્રી ચરણોમાં સઘળું હોમાયું,
સદ્‌ગુરુરૂપ ત્યારે પરખાવ્યું. સદ્‌ગુરુ૦
ભવસાગરનો નાવિક બન્યો એ,
સર્વેશ્વરીમાં સમાયો ખરે. સદ્‌ગુરુ૦

પૂ. યોગેશ્વરજીએ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના ત્રિવેણી સંગમથી પોતાના સમગ્ર જીવનને સમાજને સમર્પિત કર્યું છે. આવા સદ્‌ગુરુને પામી આપણે સૌ ધન્ય થયા છીએ. કૃતાર્થ થયા છીએ. આ કાર્યકર્તાઓ, આયોજકો, પ્રેક્ષક ગણ અને બાળકોનો આભાર માનતાં પૂ. મા ગદ્‌ગદિત થાય છે. અને પ્રાર્થના કરાવે છે–

"અમે કાનથી મંગલ સુણીએ
આંખે જોઇએ મંગલ,
પૂજન કરતાં પરમાત્માનું
અમે કામ કરીએ મંગલ,
સદૃઢ કાયા થકી આયુને
ભોગવીએ પ્રભુને માટે,
સુદૃઢ અંગ દરેક કરીને
વાપરીએ પ્રભુને માટે.

અંતે શાંતિપાઠ કરી પૂ. મા પોતાના વક્તવ્યને પૂર્ણ કરે છે.

લગભગ ચાલીસ મીનીટની એકધારી અમૃતવાણીમાં પૂ. મા, પ્રભુનાં ગુણગાન ગાય છે, પ્રભુથી જ આ કાયા ચાલે છે તેમ જણાવે છે અને શરીરના દરેક અણુમાં પ્રભુ પ્રત્યક્ષ છે તેમ કહેતાં પૂ. માને સૌ ગંભીરતા, અને પ્રેમપૂર્વક સાંભળે છે. ૭૫૦ વ્યક્તિથી ભરાએલા હોલમાં ટાંકણી પડે તો પણ સંભળાય તેવી અદ્‌ભુત શાંતિ વરતાય છે.

પૂ. માના સંબોધન પછી સુશીલાબેન જન-ગણમન ગાય છે. સૌ શિસ્ત અને સભ્યતાથી પોતાના સ્થાને ઊભા રહી ભારતમાતાના એ વીર સપૂતોને અંજલિ આપે છે અને રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત કરે છે. ત્યારબાદ આરતી કરવામાં આવે છે અને સૌને મહાપ્રસાદ લેવા વિનંતિ થાય છે. કાર્યક્રમ ઘડીયાળના કાંટે ચાલે છે. બરોબર ૨–૦૦ વાગે શરૂ થાય છે અને સાંજના ૭–૦૦ વાગે સમાપ્ત થાય છે. કાર્યક્રમ એક સુંદર અને વિશેષ છાપ ઊભી કરે છે. સૌના સહકારથી, સુંદર આયો-જનથી અને મા–પ્રભુના આશીર્વાદથી કાર્યક્રમ ખૂબ જ સફળતા પામે છે. સૌના ચિત્તનું આકર્ષણ છે "પૂ. શ્રીનું નાટક"–કાર્યક્રમની વાતોને વાગો-

ળતાં લગભગ ૭૫૦ પ્રેક્ષકો રસ-પુરી, પાત્રા, શાક, પુલાવ, કઢી વગેરેનો મહાપ્રસાદ લઇ પ્રસન્ન થાય છે. "આ અન્ન બ્રહ્મરૂપ છે–જમવા પહેલાંની પ્રાર્થના મહાપ્રસાદ પહેલાં સૌ ગાય છે અને શાંતિ અને શિસ્તથી સૌ વિદાય લે છે–ધન્ય છે મારા ગુરુદેવ યોગેશ્વરજીને અને ધન્ય છે મા સર્વેશ્વરીને કે જેમણે અમને સૌને આ કાર્ય માટે વિદેશની ધરતી ઉપર નિમિત્ત બનાવ્યા.

## * આભાર વિધિ *

* સૌ પ્રથમ મારા સર્વશક્તિમાન, સર્વત્ર બિરાજતા અને સર્વ સમર્થ પ્રભુ યોગેશ્વરજીનો કે જેમણે અમને આ શુભ કાર્ય કરવાનો સંકલ્પ કરાવ્યો, આયોજન કરવાની શક્તિ અને બુદ્ધિ આપી, પ્રેરણા પ્રદાન કરી અને આ મહોત્સવના નિમિત્ત બનાવી શૈશવકાળના અમારા સ્વપ્નાને સાકાર કરાવ્યું.

* પછી મારાં પરમ વંદનીય 'મા' જેમના સ્નેહ, ઔદાર્ય અને આશીર્વાદ પામી અમને મહોત્સવના દિવસે આ કાર્ય કરવાની શક્તિ મળી–પોતાના ૩૦૦૦ દિવસ ઉપરાંતના ઉપવાસો તથા પંદરમી ઓગસ્ટે નિર્જળા ઉપવાસ હોવા છતાં સાત કલાક જેટલા લાંબા સમયનો ભોગ આપી કાર્યક્રમમાં ઉપસ્થિત થયાં તથા પોતાની અમૃત- વાણીનો લાભ આપ્યો.

* ત્યારબાદ મનના ઊંડાણથી યાદ આવે છે અમારા માતા–પિતા, પિતાથી અમને પરિચય થયો, પણ સ્વ. શારદાબેનના સુસંસ્કારોએ અમે બાળપણથી સંતની છાયા ધરી, સંતની સેવા કરવાની તક આપી અને જીવનમાં સંત દ્વારા જ, સદ્‌ગુરુ દ્વારાજ, સર્વ કાંઇ પ્રાપ્ત થઇ શકે છે. તેવી સમજ આપી પ્રભુને અંતરથી અમે પ્રાર્થીએ કે અમારા આ કૃત્યને જોઇ તેનો આત્મા જ્યાં પણ હો ત્યાં શાંતિ પામે, સંતોષ પામે.

* કાર્યક્રમની સફળતા ઘણી સામગ્રી ઉપર અવલંબે છે. તેમાં સ્ટેજ અને હોલનું તેમ જ પૂ. માની બેઠકનું સુંદર, ખામીરહિત, પ્રશંસા માંગી લે તેવું આયોજન કરવા બદલ અમે શ્રી ડાહ્યાભાઇ લાડ, નરેન્દ્રભાઇ મિસ્ત્રી, કિશોરવલ્લભ, જગુભાઇ મિસ્ત્રી તથા હસમુખભાઇ શાહ અને સહકાર્ય-કર્તાઓનો અંતરથી આભાર માનીએ છીએ.

* ઓન્ટેરીઓ, મીનીસ્ટ્રી ઓફ સીટીઝન-શીપનો કે જેમની આર્થિક સહાયથી કાર્યક્રમને વેગ મળ્યો.

* પૂ. શ્રીનું "પ્રકાશના પંથે" આધારિત સચિત્ર પ્રદર્શન–પ્રસંગના વર્ણન સાથે મુખ્યદ્વાર ઉપર રજૂ કરવા અનીલ લાડ તથા મદદકર્તાઓનો આભાર માનીએ છીએ.

* પૂ. શ્રીના પુસ્તકોના પ્રવેશદ્વાર પાસે વેચાણ કરવા, પૂ. માના ભજનોની કેસેટ તથા ગેસ્ટ રજીસ્ટરમાં નામોની નોંધ કરવા–પોતાને પ્રોગ્રામ જોવા ના મળ્યો તેવા, સેવાભાવી શ્રી સુરેશભાઇ પરીખ, સુરેશભાઇ મિસ્ત્રી તથા શ્રી વલ્લભભાઇ મિસ્ત્રીનો આભાર.

* સૌરાષ્ટ્રની ભાષામાં દોહા ગાવા માટે શ્રી ધનજીભાઇ સુતરીયાનો આભાર.

* તા. ૧૪ ઓગસ્ટના રોજ પૂ. શ્રીના જન્મદિન નિમિત્તે સમૂહ પાદુકાપૂજન કરાવવા માટે તથા પૂ. માનું પ્રવેશદ્વાર ઉપર અભિવાદન કરવા માટે શ્રી અશોકભાઇ પાઠકનો તથા સ્ટેજ ઉપર મંગલદીપ તેમ જ પૂજન અર્ચન વખતે શ્લોકોક્તિ માટે આભાર.

* શ્રી દશરથભાઇ શાહનો શાળાનો હોલ અપાવવા, સરકારમાંથી ગ્રાંટ મેળવવા તથા આમંત્રિત મહેમાનોનો પરિચય આવવા માટે તથા બાળકોને પ્રોત્સાહનરૂપે સર્ટીફીકેટ આપવા માટે.

* શ્રી રાજુભાઇ શાહ, બીપીનભાઇ શાહ, ચંપકભાઇ પંચાલ, નરેન્દ્રભાઇ મિસ્રી, અંબુભાઇ લાડ તથા સુશીલાબેનનો સ્ટેજ ઉપર ભજનોનો સુંદર કાર્યક્રમ આપવા માટે, શ્રી રાજુભાઇનો વિશેષ આભાર. કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને દરેકને ૧૧ ડોલર રોકડા આપી પ્રોત્સાહીત કરવા. સુશીલાબેનનો જનગણમન, વંદેમાતરમ તથા સૌથી પ્યારી છે આઝાદી ગીત ગાવા માટે–

* શ્રી જયંતિભાઇ પટેલનો પ્લેક માટે મા–પ્રભુના ફોટા આપવા, તથા પૂ. માના ભજનો-ની કેસેટ તૈયાર કરવા અને જાહેરખબરની પત્રિકાથી માંડી પૂજ્યશ્રીની પરિચય પુસ્તિકા છપાવવા માટે, કાર્યક્રમની ઘણી બધી પ્રવૃત્તિમાં રસ ધરાવી સંનિષ્ઠ કાર્યકર્તાની છાપ ઉભી કરી મદદ કરવા માટે.

* કાર્યક્રમની રેડીઓ ઉપર જાહેરાત આપવા શ્રી સુરેશભાઇ પરીખનો ત્થા વઈરેનભાઇ આઇડીયાનો.

* જાહેરાતના બુલેટીનો જુદી જુદી જગ્યાએ પ્રચારઅર્થે મૂકવા માટે શ્રી હસમુખભાઇ શાહ, નરેન્દ્રભાઇ મિસ્રી, જયંતિભાઇ પટેલ, ડાહ્યાભાઇ લાડ, વિનોદભાઇ શાહ, સુરેશભાઇ પરીખ, રમેશભાઇ ભક્તનો આભાર.

* સ્ટેજ ઉપર હિમાલયનું દૃશ્ય આબેહુબ બનાવવા માટે દલપતભાઇ મિસ્રી તથા નિલેષ, પરેષ કલ્પેશનો આભાર.

* યોગેશ્વરજીના ત્રિઅંકી નાટક માટેના દિગ્દર્શન માટે શ્રી અજીતભાઇ પાઠક અને મનોરમાબેનનો આભાર.

* માતા–પિતા, દિગ્દર્શકો તથા કાર્યક્રમમાં ભાગ લેનાર, પોતાના કિંમતી સમયનો ભોગ આપનાર સૌનો હાર્દિક આભાર.

* શ્રી બીપીનભાઇ શાહનો પ્રોજેક્ટર રૂમમાંથી વિવિધ રંગની લાઇટોના સંચાલન માટે, હેમંતભાઇ શાહ અને નંદુભાઇ પટેલ તથા જયંતિભાઇનો સ્ટેજની વ્યવસ્થા સાચવવા અને શ્રી પ્રવીણભાઇ શાહનો બાળકોને વિવિધ રંગના પોષાકો મેળવી આપવા માટે.

* શ્રી રાજુભાઇ શાહનો તથા વિનોદભાઇ શાહ અને હર્ષદભાઇ તલાટીનો મહેમાનોની રહેવાની વ્યવસ્થા કરવા માટે.

* શ્રી મનુભાઇ મિસ્રીનો તેમના સ્વામી-નારાયણ કેન્દ્રમાં પ્રચાર કરવા માટે તથા જાહેરાત પત્રિકાઓના વિતરણ માટે.

* સૌથી મોટો અને અગત્યનો આભાર અમારા શ્રી પ્રભુદાસભાઇ અને રૂક્ષ્મણીબેનનો તેમના પરિવાર સાથે કે જેમણે સૌ પ્રેક્ષકો માટે રસ, પુરી, પાત્રા, શાક, ભાત, કઢી વગેરેનું આયોજન કર્યું એટલું જ નહીં પણ અનહદ પરિશ્રમ લઇ સ્વાદિષ્ટ મહાપ્રસાદ બનાવ્યો અને તમામ આર્થિક બોજો પોતે ઉપાડી લીધો. ધન્ય છે તેમની સમજ, શ્રદ્ધા અને ભક્તિને. પોતાના લગ્નજીવનના પચ્ચીસવર્ષની સીલ્વર જ્યુબીલી તેમણે અનોખી રીતે સૌને પ્રેરણા મળે તેમ ઉજવી. પ્રભુ તે સૌને સુખી રાખે તે જ પ્રાર્થના.

* વીડીઓ કેસેટ લેવા માટે પ્રમોદભાઇ તથા ફોટોગ્રાફી માટે અનિલભાઇ લાડનો આભાર.

* પાટીદાર સમાજ, ગુજરાત સમાજ, લાડ સમાજ, બ્રાહ્મણ સમાજ તથા ટોરોન્ટોની ધર્મપ્રિય જનતા કે જેમણે અમારા કાર્યક્રમને શિસ્ત, શાંતિ અને અદબથી નિહાળ્યો અને અમને ભવિષ્યમાં આવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે પ્રોત્સાહન આપ્યું.

* "ઓ કેનેડા" રાષ્ટ્રગીત ગાવા માટે કુમારિકા ફોરમ શાહનો આભાર અસ્થાને નહીં ગણાય.

* શ્રી રમેશભાઇ પરીખ, મહેશભાઇ પરીખ, હેમંતભાઈ અમીન, વિકાસ શાહ, નિમેષ શાહ, સંદીપ પટેલ, રોહિત પ્રજાપતિ, નિકેત પાઠક વગેરેનો હોલની વ્યવસ્થા માટે તથા ધ્યાનકેન્દ્રના તમામ પરિવારોનો રસોડામાં તથા ભોજન સમયે સહકાર આપવા માટે.

કોઇનો પણ વ્યક્તિગત આભાર માનવો રહી ગયો હોય તો અમને ક્ષમા કરશો. કાર્યક્રમના આયોજક, પ્રયોજક અને સંચાલક તરીકે અમે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇને વાણી કે વર્તનથી દુઃખ પહોંચાડયું હોય તો સૌ અમને ક્ષમા કરે.

સૌનો ફરીથી સ્નેહપૂર્વક આભાર... તમારા સૌના સહકાર, સાથ અને સંપથી જ આ કાર્યક્રમને સફળતા મળી ને મા–પ્રભુના આશીર્વાદ તો આપણી સાથે જ છે તે કેમ ભૂલાય!

"ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ,
કાર્ય અમારું સફળ કર્યું,
અશક્યને તેં શક્ય કર્યું,
બીરૂદ સ્વજનનું સત્ય ઠર્યું."

અંતે શ્રી મા–પ્રભુના ચરણોમાં વંદન કરી વિરમું છું.

## * જપલેખન મહાયજ્ઞ *

શ્રી શ્રી મા સર્વેશ્વરીએ અંબાજીમાં આવેલ સ્વર્ગારોહણમાં જે સ્થાન પર અદ્ભૂત સાધના, પ્રાર્થના, પારાયણો, જપ, સ્તુતિઓ કરીને જે સ્થળને સિદ્ધ શક્તિપીઠ બનાવી છે. તે સ્થાન વિશેષ "શ્રી સર્વેશ્વરી કુટિયા" પ્રતિ આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે એક જપલેખન યજ્ઞની શરૂઆત કરેલ છે. જેની જાણકારી આ પ્રમાણે છે–

કોઇપણ મંત્ર લખી શકાય–ૐ મા પણ લખી શકાય.

કોઇપણ નોટબુકમાં, કોઇપણ શાહીથી લખી શકાય.

જે કોઇ સાધક ભાઇબહેન આ જપલેખનની પ્રવૃત્તિમાં જોડાવા માંગતા હોય તેઓએ તેમનાં નામ, સરનામું તથા ઉમરની વિગત જપયજ્ઞની જવાબદારી સંભાળતા શ્રી સંજયભાઇ પંડયાને લેખિત જાણ કરવા વિનંતિ છે. તેઓનું સરનામું આ પ્રમાણે છે–

"ૐ મા સર્વેશ્વરી", ૪/એ, ગાંધીગ્રામ, પોલીસ ચોકી પાછળ, રાજકોટ–૫

એ પ્રવૃત્તિને નિયમિત અને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે દર મહિનાની પહેલી અને પંદરમી તારીખે આપના તરફથી લખેલ જપની સંખ્યા પોષ્ટકાર્ડ પર લખીને લખી મોકલશો એવી અપેક્ષા રાખવામાં આવે છે.

દરેક સાધક આ જપલેખન મહાયજ્ઞમાં સવાલાખ મંત્ર લેખનની આહૂતિ આપે એવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ જપ લેખનની સંખ્યા માટે કોઇબંધન નથી.

આપ્રવૃત્તિ કાયમ માટે ચાલુ જ રહેશે. પરંતુ આપણું પહેલું લક્ષ ૧૮ માર્ચ ૧૯૯૩ સુધીમાં અંબાજી ખાતે આવેલ સિદ્ધ શક્તિપીઠ સમી "શ્રી સર્વેશ્વરી કુટિયા"માં સવા કરોડ જપ લખીને મુકવાનું છે.

આ મહાન કાર્યમાં આપ પણ સહભાગી બનો અમે રોજની ફક્ત પાંચ મિનિટ પણ જપલેખન માટે ફાળવો, એવી અપેક્ષા છે.

આપના સલાહ સૂચનો પણ આવકાર્ય છે.

From "INDIA ABROAD"

# Fete Honors Late Spiritual Leader



પ. પૂ. શ્રી યોગેશ્વરજી



મા શ્રી સર્વેશ્વરી

### By a Staff Writer

TORONTO – Sarveshwari, who is known as Maa (Mother) among her followers, was the chief guest at an event in Downsview Secondary School Aug. 15 marking the 71st birthday of the late Yogeshwar Maharaj.

### Meditation Center Established

About 700 people were present at the daylong event organized by the Yogeshwar Dhyan Kendra of Toronto The celebrations consisted of religious prayers and plays, singing and dancing.

A meditation center was established here in 1981 to foster Indian culture and Hindu religion and teachings, said Dashhrath Shah, an organizer of the event. That year, he said, the spiritual leader Mahatma Yogeshwar visited Canada and the United States with Maa, now his successor.

Yogeshwar died in 1984. He was the author of 80 books in Gujarati, all dealing with spirituality, Shah said.

# ‘ અકળ મન ’

બળવંત ઓઝા (સફર)

કેવી ભ્રામક વાતો
મારા મનમાં આવે, તનમાં આવે, તોફાની
તોખાર બનીને વચ્ચે આવે,
વેગ બનીને, મારગનું મેદાન બનીને
ફરતું રાખે મનને, મારા આગળ, પાછળ, ઉપર—નીચે
અતાગ ઊંડી ખીણ મહીં પણ ખોવાયેલા ડુંગર જેવી જાત
લઇને શોધ્યા કરતી ચૌદ ભુવનમાં પૃથ્વીના પેટાળ ભુવનમાં
ઊંચે જઇ અવકાશ ભુવનમાં ખોવાયેલી આજ ઉપરથી સરકી
જાતી અતીતની જંજાળ લઇને ભાવિની ભ્રમણાઓ
થઇને પૂછ્યા કરતી
ભીતરને ભીતરમાં જઇને ખોવાયેલા માણસને
ઢંઢોળ્યા કરતી નામ વગરના માણસને ફંફોસ્યા કરતી ઇચ્છાનો
આકાર બનીને બંધ નયનનું તેજ બનીને
કાળી ભમ્મર રાત ઉપર અસ્વાર થઇને સ્વપ્ન
નામની મહેલાતોને તોડી નાખે ફોડી નાખે કોઇ કહે ના
કાંઇ છતાં પણ બોલી નાખે તારી વાતો મારી વાતો
અક—મેકના મનની વાતો મૃત સ્વજનના ઘરની વાતો
કોઇ શકે ના રોકી એને કોઇ શકે ના ટોકી એને જોઇ શકું
ના તેવી રીતે આવ્યા કરતી એની મેળે સ્પર્શ વગરનો
સ્પર્શ કરીને ભ્રમણા જેવું નામ ધરીને વ્યાપી જાતી
મનમાં મારા તનમાં મારા કેવી કેવી વાતો મારા મનમાં
આવે તોફાની તોખાર બનીને સીમા વગરનો અંત બનીને
ફરતું રાખે મનને મારા તનને મારા મનને મારા
સાત સમંદર પાર જઇને બ્રહ્મલોકમાં ભ્રમણ કરીને
જન્મ—મરણનાં લખચોર્યાસી નામ ધરીને અવતારોની
આવન—જાવન ‘સફર’ કરીને ધરમ—કરમનાં ઊંચાં
ઊંચાં આભ મહીં અટવાઇ જઇને નભ—મંડળના
તારક થઇને ખરતું ખરતું ફરતું રાખે મનને મારા નિર્ગુણ—નિરાકાર બનીને
હિમ શિખરમાં વિ[illegible] થઇને તરતું રાખે મનને મારા, મનને મારા, મનને મારા, તનને......

## * વિવેકપૂર્વકનો એકાંતવાસ સાધનામાં સહાયક *

મન પર સહેલાઈથી કાબૂ મેળવવા માટે એકાંતવાસ અવશ્ય લાભકારક છે. પરંતુ એ એકાંતવાસ જડ નહિ, પણ વિવેકપૂર્વકનો હોવો જોઈએ. ધ્યેયની સિદ્ધિને માટે સાધનરૂપ હોવો જોઈએ તથા સાધનાથી સંયુક્ત થવો જોઈએ. એ દૃષ્ટિથી વધારે કે ઓછા વખતને માટે એકાંતવાસ કરો તો મનને એકાગ્ર, સ્થિર કે સંયમી કરવામાં જરૂર મદદ મળે. વ્યવહારમાં માણસની મોટા ભાગની શક્તિ અને માણસનો મોટા ભાગનો સમય, પ્રતિકૂળ વાતાવરણને અનુકૂળ કરવામાં ખર્ચાઈ જાય છે, જ્યારે એકાંત વાતાવરણમાં એ સમસ્યા ઉત્પન્ન જ નથી થતી. ત્યાં તો કેવળ ધ્યેયને માટે આદુ ખાઈને સાધના કરવાની જ રહે છે. પરિણામે કામ સરળ બને છે. વરસોની સાધના પ્રમાણમાં બહુ જ ઓછા વખતમાં સિદ્ધ થઈ શકે છે. ત્યાં વાતાવરણની સામે ઝઝૂમવાનું છે જ નહિ. ત્યાં કામ, ક્રોધ, મોહ, મદ, મત્સરના પ્રસંગો જ ઊભા નથી થતા. એટલે એમની સામે મોરચો માંડવાનો પ્રશ્ન જ ઊભો નથી થતો. એટલા જ માટે, જેમને થોડા વખતમાં આત્મોન્નતિની સાધનામાં કોઈ નોંધપાત્ર સફળતા મેળવવી હોય, તેમણે થોડો વધારે વખત એકાંત સેવન કરતાં શીખવું જોઈએ. એમ કરવાથી પણ મોટો લાભ થશે. મનને વશ કરવું કે જીતવું એકાંતમાં સહેલ થઈ પડે છે. અમુક પ્રકારની ધ્યાનાદિ સાધના તે એકાંત વિના થાય જ નહિ.

**યોગેશ્વરજી**

●

# * મનના સાચા વૈરાગ્ય વિના ઈશ્વરદર્શન શક્ય નથી *

ઈશ્વરદર્શન માટે સંસારનો ત્યાગ કરવો જ જોઈએ એવો કોઈ નિયમ નથી. કોઈ માટે તે એવો ત્યાગ ઉપયોગી કે અનિવાર્ય હોય તો તે ભલે કરે. પરંતુ બધાંએ એનું અવલંબન લેવું જ જોઈએ, એવું નથી સમજવાનું. ઈશ્વરદર્શનની ઉત્કટ ભૂખ લાગી હોય, એવી કોઈ વિરલ, અસાધારણ આધ્યાત્મિક સંસ્કારથી સંપન્ન વ્યક્તિ, સંસારની પ્રવૃત્તિઓમાં મનને પરોવી જ ન શકે, માટે એ પ્રવૃત્તિઓને સહજ રીતે જ મૂકી દઈને એકાંતનો આધાર લે એ સમજી શકાય એવું છે. એવા એકાંત સેવનથી સાધના પ્રત્યેની અભિરૂચિવાળા સાચા સાધકને લાભ પણ થાય છે. પરંતુ એવી યોગ્યતા બહુ જ ઓછા સાધકોમાં હોઈ શકે છે. એટલે ઈશ્વરદર્શનની અભિરૂચિવાળા બધા જ માણસોને સંસારનો ત્યાગ કરવાની જરૂર છે એવું ન કહી શકાય. સંસારની પ્રવૃત્તિઓ કરતાં કરતાં અને વ્યાવહારિક ફરજો બજાવતાં બજાવતાં જ તેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. એવા પ્રયાસોના પરિણામે માણસ ઈશ્વરદર્શી બની શકે છે. એ માટે કોઈ બાહ્ય ત્યાગની એટલી આવશ્યકતા નથી, જેટલી અંદરના ત્યાગની. સંસારમાં રહીને એવો ત્યાગ કેળવી શકાય છે. તેવા ત્યાગને કેળવવામાં વૈરાગ્ય ભારે મહત્ત્વનો ભાગ ભજવે છે. વૈરાગ્ય કેળવ્યા વિના શુદ્ધ પ્રેમ કેવી રીતે આવી શકશે? નહિ હોય તો પ્રેમને બદલે મોહ જ પેદા કરશે. પરિણામે નિર્મમતાને બદલે આસક્તિ જ વધતી જશે. મનના સાચા વૈરાગ્ય વિના શુદ્ધ પ્રેમની ઈમારત ચણી શકાતી નથી ને તે વિના ઈશ્વર દર્શન પણ શક્ય નથી, કદાપિ નહિ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
મુદ્રણ સ્થાનઃ—રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧